
# પર્વે-પર્વે કથા

## સોહામણા પર્વોની રળિયામણી કથાઓ




✵ પ્રેરક ✵

પ.પૂ. મુનિરાજશ્રી કૃપાબોધિવિજયજી મ.સા.

✵ સંપાદિકા ✵

પૂ. સાધ્વીજીશ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ.

પૂ. મુનિરાજશ્રી વિવેકચંદ્રવિજયજી મ.સા. દ્વારા સંપાદિત
'શ્રી આરાધના તથા તપ વિધિ' પુસ્તકમાંથી સાભાર

# પર્વ તપ વિધિ

## જ્ઞાનપંચમી તપની વિધિ : દર શુકલ પંચમીએ પાંચ વર્ષ-પાંચ માસ સુધી ઉપવાસ કરવો.

દર વર્ષે કા.સુ.-૫ના દિવસે, ૫૧-સાથિયા, ૫૧-ખમાસમણા, ૫૧-લોગસ્સ કાઉસ્સગ્ગ,
દર મહિને ૫-સાથિયા, ૫-ખમાસમણા, ૫-લોગસ્સ કાઉસ્સગ્ગ
૨૦-નવકારવાળી 'ૐ હ્રીઁ નમો નાણસ્સ' પદની ગણવી.

## મૌન એકાદશી તપની વિધિ : માગશર સુદ-૧૧ થી શરૂ કરવો.

દર સુદ અગ્યાર સે અગ્યાર વર્ષ અને અગ્યાર માસ સુધી ઉપવાસથી તપ કરવો.
૧૧-સાથિયા, ૧૧-ખમાસમણા, ૧૧-લોગસ્સ કાઉસ્સગ્ગ, ૨૦-નવકારવાળી 'શ્રી મલ્લિનાથાય નમઃ' પદ ની ગણવી / ૧૫૦ કલ્યાણકના ગણણાની નવકારવાળી મા.સુ.-૧૧ના ગણવી.

## પોષ દશમી તપની વિધિ

• માગશર વદ-૧૦ થી તપ શરૂ કરી દર વદ-૧૦નું એકાસણું ૧૦ વર્ષ ૧૦ મહિના સુધી કરવું.
દર મા.વ. ૯-૧૦-૧૧ના દિવસે ઠામ ચોવિહાર ત્રણ એકાસણા કરવા.
મા.વ.-૯ સાકર પાણીનું એકાસણું • મા.વ.-૧૦ ખીરનું એકાસણું. • મા.વ.-૧૧ ભર્યા ભાણે એકાસણું.
૧૨-સાથિયા, ૧૨-ખમાસમણા, ૧૨-લોગસ્સ કાઉસ્સગ્ગ,
૨૦-નવકારવાળી 'ૐ હ્રીં શ્રીં પાર્શ્વનાથ અર્હતે નમઃ' પદની ગણવી.

## મેરૂ તેરસ તપની વિધિ : ગુજરાતી પોષ વદ-૧૩ થી શરૂ કરી તેર વર્ષ અને તેર મહિના સુધી આ તપ કરવો.

૧૨-સાથિયા, ૧૨-ખમાસમણા, ૧૨-લોગસ્સ કાઉસ્સગ્ગ,
૨૦-નવકારવાળી 'શ્રી ઋષભદેવ પારંગતાય નમઃ' પદની ગણવી. પૌષધ કરવો...
બને તો પારણે અતિથિ સંવિભાગ કરવો.

## રોહિણી તપની વિધિ : ૭ વર્ષ, ૭ માસ સુધી તપ કરવો.

વૈશાખ સુદ-૩ રોહિણી નક્ષત્રમાં જ તપ શરૂ કરવો
૧૨-સાથિયા, ૧૨-ખમાસમણા, ૧૨-લોગસ્સ કાઉસ્સગ્ગ, ૨૦-નવકારવાળી 'શ્રી વાસુપૂજ્ય સર્વજ્ઞાય નમઃ' પદની,
જો એકપણ રોહિણી નક્ષત્ર ભૂલી જવાય તો આખો તપ ફરીથી શરૂ કરવો.

## ચૈત્રી પૂનમ તપની વિધિ : પંદર વર્ષ સુધી દર ચૈત્રી પૂનમે ઉપવાસ કરવો.

૧૫૦-સાથિયા, ૧૫૦-પ્રદક્ષિણા, ૧૫૦-ખમાસમણા, ૧૫૦-લોગસ્સ કાઉસ્સગ્ગ, ૧૫૦-ફૂલની માળા ચઢાવવી.
જો ૧૫૦ એક સાથે ન થઈ શકે તો ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦ એમ પણ કરી શકાય. (દરેક વિધિમાં)
'શ્રી પુંડરીક ગણધરાય નમઃ' પદની ૨૦ નવકારવાળી ગણવી.

## કાર્તકી પૂનમ : દર વર્ષે કા.સુદ-૧૫ના દિવસે

૯-સાથિયા, ૯-ખમાસમણા, ૯-લોગસ્સ કાઉસ્સગ્ગ,
'શ્રી શત્રુંજય તીર્થાધિરાજ' આરાધવા નિમિત્તે કાઉસ્સગ્ગ કરું ? આદેશ પૂર્વક કાઉસ્સગ્ગ કરવો....
બધી આરાધનાની વિધિમાં ફળ-નૈવેદ્ય અનુકૂળતા પ્રમાણે બને તેટલા ઉત્કૃષ્ટ મૂકવા.

# પર્વે-પર્વે કથા



## સોહામણા પર્વોની રળિયામણી કથાઓ


**પ્રેરક**

પ.પૂ. આ.ભગવંત શ્રીમદ્ વિજયસંયમબોધિસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય

**પ.પૂ. મુનિરાજશ્રી કૃપાબોધિવિજયજી મ.સા.**

**સંપાદિકા**

પૂ.સાધ્વીજીશ્રી રવિ-રાજ-જ્યોતિરત્નાશ્રીજી મ. ના શિષ્યા

**પૂ. સાધ્વીજીશ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ.**



**પ્રકાશક / પ્રાપ્તિ સ્થાન**

શ્રી રાજેશભાઇ સુકૃત નિધિ
C/o. જૈનમ્ પરિવાર રિલીજીયસ ટ્રસ્ટ,
૨૨, નાકોડા પાર્ક, સિનેપ્રાઇડની ગલીમાં,
કૃષ્ણનગર-નરોડા રોડ,
અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૮૯૮૦૧ ૨૧૭૧૨

પુસ્તકનું નામ : **પર્વે-પર્વે કથા**

પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી કૃપાબોધિવિજયજી મ.સા.

સંપાદિકા : પૂ. સાધ્વીજીશ્રી ગુપ્તિપ્રિયાશ્રીજી મ.

મૂલ્ય : ૨૦૦/- R.

પ્રકાશક : શ્રી રાજેશભાઈ સુકૃત નિધિ

પાના : ૪૮

## પ્રાપ્તિ સ્થાન

| | | |
|---|---|---|
| ૧) | જૈનમ્ પરિવાર (અમદાવાદ) | મો. ૮૯૮૦૧૨૧૭૧૨ |
| ૨) | પરાગભાઈ | મો. ૯૦૯૯૩૮૨૮૨૮ |
| ૩) | કૈવન (સાબરમતી) | મો. ૯૬૬૪૫૦૫૨૬૦ |
| ૪) | ઉત્સવભાઈ (સુરત) | મો. ૮૦૦૦૦૭૮૪૯૫ |
| ૫) | જૈનમ્ભાઈ (મલાડ) | મો. ૯૭૬૯૨૮૯૯૪૩ |
| ૬) | વિમલ સંઘવી (દાદર) | મો. ૯૩૨૩૦૦૦૪૪૪ |
| ૭) | ભાયખલા એલર્ટ ગ્રુપ (જિનેશભાઈ) | મો.૯૮૨૧૧૧૦૭૩૩ |
| ૮) | (કેશા) આણંદ | મો. ૯૭૧૨૮૧૭૦૦૧ |
| ૯) | જય સંઘવી (જામનગર) | મો. ૮૩૨૦૪૪૬૮૯૭ |
| ૧૦) | પ્રશાંતભાઈ (વડોદરા) | મો. ૯૪૨૭૦૫૪૩૨૪, ૭૨૬૫૦૦૪૪૫૭ |
| ૧૧) | દર્શિત (ભુજ) | મો. ૯૩૭૫૫૨૩૩૭૦ |

-: લાભાર્થી :-

**શ્રી પો.હે. ધર્મનાથ જૈનનગર જૈન સંઘના જ્ઞાનનિધિમાંથી**

તથા

**વિવિધ શ્રુતભક્તોની**

ભૂરિ-ભૂરિ અનુમોદના

# પ્રકાશકીય

પરમતારક પરમાત્માએ મોક્ષમાર્ગે આગળ વધવા, સ્વભાવદશામાં સ્થિર થવા અને વિભાવદશાથી મુક્ત થવા પર્વોની આરાધના બતાવી. બાલજીવો પણ તેમાં જોડાય, આરાધનાનું આકર્ષણ ઉભું થાય તે માટે પ્રાચીન મહાત્માઓએ દરેક પર્વ પર સત્ય કથાની પ્રરુપણા કરી. જૈનશાસનમાં તો આવી ઢગલાબંધ કથાઓ છે. આવા કેટલાક પર્વોની ચિત્ર સહિત કથા અહીં પ્રસ્તુત કરવામાં આવે છે.

કથા એ આબાલવૃદ્ધ સહુ જીવોને સ્પર્શતો વિષય છે. આજની Practical પેઢીને પણ આ કથાઓ પર્વોની આરાધનામાં જોડવા ઉપયોગી બનશે. આ પર્વોની આરાધના કેવી રીતે કરવાની ? આવી આરાધના કોણે કરી હતી ? તેનું શું ફળ મળ્યું હતું ? વગેરે દરેક વિષયોને અહીં આવરી લેવાયા છે. જેથી વાચક વર્ગની દરેક જિજ્ઞાસાઓનું સમાધાન થઈ જશે. આરાધકોના મનમાં પણ આરાધનાના ભાવ ઉત્પન્ન થશે અને સ્થિર થશે.

આરાધનાનો તૂટતો જતો રસ ફરીથી સજીવન થાય અને સહુ જીવો જાગૃત બની ફરી પર્વોની આરાધનામાં જોડાય, લોકોની જિજ્ઞાસા સંતોષાય એજ આશયથી આ સચિત્ર કથા શ્રેણી પ્રસ્તુત થયેલી છે.

કેન્સરની જાલિમ વેદના વચ્ચે ય સહાયકતાસભર જીવન, સમાધિમય પરલોકગમન અને ઉદારતાસભર સુકૃતપ્રેમી સ્વભાવથી આદર્શ દ્રષ્ટાંત પૂરું પાડનાર સ્વ. **શ્રી રાજેશભાઈ રસિકલાલ શાહ**ની સ્મૃતિમાં તેમના દીક્ષિત પરિવારજનો પ.પૂ.**મુનિરાજ શ્રી કૃપાબોધિવિજયજી મ.સા. (પુત્ર મ.સા)**, પૂ. સાધ્વીજી **શ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ. (શ્રાવિકા મ.)**, પૂ. સાધ્વીજી **શ્રી નમ્રાશયાશ્રીજી મ. (પુત્રી મ.)**, આદિની પ્રેરણાથી ચિરસ્થાયી નક્કર શાસન સેવા-રક્ષા-પ્રભાવનાના કાર્યો માટેની યોજના કાર્યાન્વિત બની. તેના માધ્યમે પ.પૂ. સંઘસ્થવિર **બાપજી મ.સા.** તથા પ.પૂ. સકલસંઘહિતચિંતક **પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-રાજેન્દ્ર-હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.** ના અનુગ્રહ- આશીર્વાદથી પ્રારંભિત સચિત્ર પુસ્તક શ્રેણિનું દ્વિતીય સોપાન **"પર્વે-પર્વે કથા"** પ્રકાશિત કરતા આનંદ થાય છે. જૈન કથાનુયોગના વિરાટ સમંદરમાં લખલૂટ એવા કથારત્નો વેરાયેલા પડ્યા છે, જેઓ ચિરંજીવ પ્રેરણાસ્રોત બની શકે છે. શ્રી સંઘનો ઉદાર સહકાર મળતા આવા અનેક સચિત્ર કથા પુસ્તકો શ્રી સંઘની સેવામાં ધરવાની ભાવના છે.

પ્રસ્તુત કથાનું સંકલન-સંપાદન પ.પૂ.સંઘસ્થવિર **બાપજી મ.સા.** ના સમુદાયના પ.પૂ. યુવાચાર્ય **નરરત્નસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તી પૂ.સાધ્વીજીશ્રી **રવિ-રાજ-જ્યોતિરત્નાશ્રીજી મ.સા.** ના શિષ્યા **પૂ.સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી મ.સા.** એ કરી આપેલ છે. તેમના અમે ઋણી છીએ..

પ્રસ્તુત કથાઓનું સંપાદન અને સંકલન પ.પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.** ના શિષ્ય "સાહિત્યરત્ન" **પંન્યાસ ભાનુચંદ્રવિજય ગણિવર્યજી** વડે સંપાદિત-સંકલિત **"શ્રી બાર પર્વની કથા પુસ્તકમાંથી,** તેમજ **દેવવંદનમાળાના** આધારે થયેલું છે. તેઓશ્રીના પણ અમે ઋણી છીએ.

અમારા પ્રેરક પ.પૂ.ગ્રીષ્મકાલિનયુવા ઉપધાન તપ પ્રેરક આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયસંયમબોધિસૂરીશ્વરજી મ.સા.** ના શિષ્ય પ્રસંગાનુરૂપ ચિત્રકામનું માર્ગદર્શન આપનાર પ.પૂ. મુનિરાજશ્રી **કૃપાબોધિવિજયજી મ.સા.**ના અમે ઋણી છીએ. સુંદર ચિત્રકામ કરી આપનાર **મયુરભાઈ સોની** તથા સ્વચ્છ-સુઘડ મુદ્રણકાર્ય કરી આપનાર **કમલ પ્રિન્ટર્સ દિનેશ મુઠકર્ણી**નો પણ ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. હિન્દી અનુવાદક **પવનભાઈ વૈદ**-સુરતનો પણ આભાર.

ગુજરાતી પુસ્તકમાં ઉદારતા સભર લાભ લેનાર **શ્રી પો.હે. ધર્મનાથ જૈનનગર જૈન સંઘ** તથા **વિવિધ શ્રુતભક્તો**નો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ તથા વારંવાર શ્રી સંઘનો આવો સહકાર મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ.

લિ.

રાજેશભાઈ સુકૃત નિધિના...જય જિનેન્દ્ર

# ઉપકારી ગુરુભગવંતોના ચરણોમાં વંદના

સંઘસ્થવિર પ.પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ.સા.
સિદ્ધાંતમહોદધિ પ.પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.
દીર્ઘસંયમી પ.પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.
ન્યાયવિશારદ પ.પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.
ગીતાર્થમૂર્ધન્ય પ.પૂ. આ. શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.
પ્રશાંતમૂર્તિ પ.પૂ. આ. શ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.
સીમંધર જિનોપાસક પ.પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.
યુવાચાર્ય પ.પૂ. આ. શ્રી વિજય નરરત્નસૂરીશ્વરજી મ.સા.
સહસ્રકૂટતપારાધક પ.પૂ. આ. શ્રી વિજયસંયમબોધિસૂરીશ્વરજી મ.સા.
માતૃહૃદયા સાધ્વીજી શ્રી રવિપ્રભાશ્રીજી મ.સા.

## અનુક્રમણિકા


| નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | જ્ઞાન પંચમી પર્વ | ૧ |
| ૨. | મૌન એકાદશી પર્વ | ૮ |
| ૩. | કાર્તિક પૂનમ પર્વ | ૧૫ |
| ૪. | પોષ દશમી પર્વ | ૨૧ |
| ૫. | મેરુતેરસ પર્વ | ૨૭ |
| ૬. | રોહિણી પર્વ | ૩૩ |
| ૭. | ચૈત્રી પૂનમ પર્વ | ૪૦ |
| ૮. | અક્ષય તૃતિયા પર્વ | ૪૩ |

**જ્ઞાનં સારં સર્વ સંસાર મધ્યે, જ્ઞાનં તત્ત્વં સર્વ તત્ત્વેષુ નિત્યમ્ ।।**
**જ્ઞાનં જ્ઞાનં મોક્ષમાર્ગપ્રદર્શિ, તસ્માદ્ જ્ઞાને પંચમી સા વિધેયા।।૧।।**


કાર્તિક સુદી પંચમીનું મહાત્મ્ય જણાવતા પૂર્વાચાર્યોએ શ્લોકનો અર્થ બતાવતા કહ્યું છે કે, હે ! ભવ્ય જીવો ! સંસારમાં જે જ્ઞાન છે તે ત્રણે લોકમાં સારભૂત છે. સર્વ તત્ત્વમાં પણ જ્ઞાન નિરંતર રહેલું જ છે. માટે તે બધામાં મોટું છે. જ્ઞાન મોક્ષમાર્ગને આપવાવાળું અને સર્વ અર્થોના સાધનરૂપ છે. જ્ઞાનના સેવનથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન એ અજ્ઞાન વગેરે પાપોનું નિકંદન (નાશ) કરનારું છે. માટે જ કાર્તિક સુદી પંચમીને દિવસે આળસ-પ્રમાદ છોડીને જ્ઞાનની આરાધનાને અર્થે વિધિપૂર્વક જ્ઞાન પંચમીનું તપ અવશ્ય કરવું જોઇએ.

વરદત્ત અને ગુણમંજરીની કથા પરથી જાણી શકાય છે, કે તે બન્ને જ્ઞાનની આરાધના કરી કેવી રીતે શિવસુખને પામ્યા હતા ?

આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, પદ્મપુર નામનું નગર છે. તેમાં પૃથ્વીમાં પ્રસિદ્ધ અને સમસ્ત ગુણોના ધરનારા એવા અજિતસેન નામે રાજા રાજ્ય કરે છે. તેને ચોસઠ કળામાં નિપૂણ એવી યશોમતી નામે રાણી છે. જે ન્યાયવંત અને ચતુર શિરોમણી પણ છે. તેને વરદત્ત નામે કુમાર છે. જે રૂપ-લાવણ્ય ગુણથી ભરેલ અને મહાવિનયવંત છે. તે પાંચ ધાવમાતાઓથી લાલનપાલન પામતો આઠ વર્ષનો થયો.

માતા-પિતાએ શુભ મુહૂર્તે વિદ્યાભ્યાસ માટે તેને પંડિત પાસે મોકલ્યો. પંડિત પણ રાજકુંવર જાણી ઘણો પ્રયાસ કરીને ભણાવવા લાગ્યા પણ કુમારને તો એક અક્ષર પણ મુખે ચઢે નહીં, તો મોટા





શાસ્ત્રોની તો વાત જ ક્યાં કરવી ? આમ કરતા પુત્ર યૌવનવય પામ્યો. તે વખતે અશુભ કર્મના ઉદયથી તે કુમારના શરીર પર કોઢ રોગ ઉત્પન્ન થયો. તેથી તેનું શરીર કુશોભાવંત અને કાંતિ રહિત થયું. તેના લીધે તે બહુ દુ:ખી થયો.

હવે તે જ નગરમાં બીજી બાજુ સિંહદાસ નામે એક શેઠ રહેતા હતા. તે જિનધર્મને પાળનાર હતા. તેઓ સાત કરોડ સોનૈયાના માલિક હતા. જગતમાં તેમનું નામ પ્રસિદ્ધ હતું. તેને કપૂરતિલકા નામની સ્ત્રી હતી. તે સર્વ ગુણના ઘરરૂપ હતી. પોતાના પતિના ચિત્તને જાણનારી હતી. પતિવ્રતા ધર્મની પાલનારી મહાશીલવંતી હતી. તેને એક ગુણમંજરી નામે પુત્રી હતી. તે અદ્‌ભુત વિનયને ધરનારી હતી, પરંતુ તેનું શરીર પણ સમકાલે રોગથી પીડા પામે છે. પુત્રી વચને મુંગી હોવાથી શેઠે પોતાની પુત્રીને નિરોગી કરવા સારું અનેક ઔષધો કર્યા પણ શાંતિ ન થઇ. યૌવનાવસ્થા પામતાં કોઇ તેની સાથે પાણિગ્રહણ પણ કરવા તૈયાર ન થયું. પરિવાર દુ:ખી થઇ ચિંતા કરવા લાગ્યો. ‘‘કહેવાય છે ને કે એક માગણ જન, બીજો ધુતારો, ત્રીજો રોગ, ચોથું મરણ અને પાંચમો મર્મ બોલનાર-આ પાંચેયથી યોગીઓ પણ પ્રાય: ઉદ્વેગ પામતા હોય છે.’’

હવે જોગાનુજોગ બન્યું એવું કે એક વખત નગરની બહાર ચાર જ્ઞાનના ધારણ કરનાર, સમિતિ-ગુપ્તિને ધરનાર એવા વિજયસેનસૂરીશ્વરજી નામના મહાત્મા ગામ-પરગામ વિહાર કરતા ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં ત્યાં પધાર્યા. નગરના સર્વે તથા રાજા પણ પરિવાર સહિત મુનિરાજને વાંદવા આવ્યા. ત્રણ પ્રદક્ષિણા આપી વિધિપૂર્વક ગુરુને વાંદીને બધા પોતપોતાના યોગ્ય સ્થાને દેશના સાંભળવા બેઠા.

તેમણે ભવ્ય જીવોના ઉપકાર માટે કહ્યું કે-‘‘અહો ભવ્ય જીવો ! જો તમે મુક્તિપદની વાંછા (ઇચ્છા) કરતા હો તો જ્ઞાન ભણો, ભણાવો, સાંભળો વગેરે જ્ઞાનની આરાધના માટે ઉદ્યમ (પ્રવૃત્તિ) કરો. પરંતુ જ્ઞાનની વિરાધના ન કરો. કારણ કે જે પ્રાણી માત્ર મનથી જ્ઞાનને વિરાધે છે તે ભવાંતરમાં શૂન્ય મનવાળા થાય. જો વિચારથી જ્ઞાનને વિરાધે છે તે આંધળા, બહેરા, બોબડા, કુરૂપવંત થાય અને જે પ્રાણી વચનથી જ્ઞાનની વિરાધના કરે તે બુદ્ધિ વગરના થાય, મુંગા થાય, તેમાં કોઇ શંકા નથી. જે પ્રાણી શરીરથી જ્ઞાનની વિરાધના કરે, ભણવાની મહેનત ન કરે તે પ્રાણીને પરભવે કોઢ, પિત્ત, મહાદુષ્ટ રોગ વગેરે રોગો થાય. જો પ્રાણી મન, વચન, કાયાના ત્રિકરણ યોગે કરી પોતે જ્ઞાનની વિરાધના કરે, કરાવે તથા અનુમોદે તે પ્રાણી પરભવે મહામૂર્ખ થાય. તેના પુત્ર, સ્ત્રી, મિત્ર વગેરે નાશ પામે, ધનધાન્યનો નાશ થાય. આમ, તેના મનની ચિંતા મટે જ નહીં અને શરીરમાં અનેક પ્રકારના રોગ થાય.

દેશના સાંભળી સિંહદાસ શેઠે વિનય ધરી બે હાથ જોડી ગુરુને પૂછ્યું કે ક્યા કર્મે મારી પુત્રીના શરીરે કોઢ રોગ ઉત્પન્ન થયો ? ક્યા ભવના પાપ કર્મો ઉદયમાં આવ્યા ? તેનો રોગ ક્યારે મટશે ? વગેરે પ્રશ્નો પૂછ્યા. ગુરુએ જણાવ્યું કે તારી પુત્રીએ પાછલા ભવમાં જ્ઞાનની વિરાધના ઘણી કરી છે. તે પૂર્વકર્મથી જ શરીર રોગગ્રસ્ત થયું છે. તેનો પાછલો છેલ્લો ભવ હું જણાવું છું. તે સાંભળ.

ધાતકીખંડના પૂર્વ ભરતમાં ખૂબ સુંદર ખેટકપુર નામે નગર છે. ત્યાં જિનદેવ નામે શેઠ વસે છે. તે મહાસંપત્તિવાન છે. રૂપે મનોહર અને શરીરે ઘણી સુકુમાર એવી તેને સુંદરી નામે સ્ત્રી છે. તેને એક આસપાલ બીજો તેજપાલ, ત્રીજો ગુણપાલ, ચોથો ધર્મપાલ અને પાંચમો ધર્મસાર એમ પાંચ પુત્રો છે. તેમજ લીલાવતી, શીલાવતી, રંગાવતી, મંગાવતી એમ ચાર પુત્રીઓ છે.

જિનદેવ શેઠે પોતાના પાંચે પુત્રોને ભણાવવા માટે પંડિત પાસે મૂક્યા પરંતુ તે છોકરાઓ અંદરોઅંદર તોફાન કરે, ગમે તેમ બોલે, ભણે નહીં અને બીજાને ભણવા પણ ન દે. સ્કૂલમાં મસ્તી-તોફાન તથા ઝગડા કર્યા કરે. પંડિત શિખામણ આપી સમજાવે, માર મારે તો ઘરે જઇ માતાને ખોટી ફરિયાદ કરે.

પુત્રોના વચન સાંભળી પુત્રમોહમાં ફસાયેલી માતા તેઓને ખોટું સમજાવતા કહેતી કે "ભણવાનું કાંઇ કામ નથી. લોકમાં જે મૂર્ખ હોય છે તે પરમ સુખી હોય છે તેથી નિશ્ચિંત થઇને રહો. જે ભણે છે તે મરણ પામે છે અને જે નથી ભણતા તે પણ મરણ પામે છે માટે તમે કોઇ વાતનો શોક ન કરો." પંડિત પર પણ ગુસ્સો કરી પુત્રોની પાસે ભણવાના ઉપકરણ, પાટી, પોથી, લેખણ વગેરે જે હતા તે ક્રોધ કરીને અગ્નિમાં બાળી નાંખ્યા. પુત્રોને કહે-જો કદાચ પંડિત આવે તો તેમને તમે છૂટ્ટા પથરા મારજો.

આ બધી વાતો શેઠના જાણવામાં આવી. તે પોતાની સ્ત્રીને કહે છે કે 'તેં પાંચેય પુત્રોને ભણાવ્યા વગર મૂર્ખ રાખ્યા તો તેઓને કન્યા કોણ આપશે ? વેપારના કામમાં પત્ર, નામું લખવું, હિસાબ રાખવા વગેરે કામ કેવી રીતે કરી શકાશે ? ચતુરોની સભામાં તારા પુત્રો હાસ્યપાત્ર બનશે, ક્યાંય નોકરી-ધંધો મળશે નહીં. તેં ખોટું કામ કર્યું છે. તારો બધો દોષ છે.' શેઠની વાતો સાંભળી શેઠાણી શેઠને ગમે તેમ બોલતી હતી. તેથી તેનો પતિ જિનદેવ શેઠ ગુસ્સે થઇ ગયો અને તે પાસે પડેલ એક પથરો તેના માથાના મર્મ સ્થાનમાં માર્યો છે. તેથી તે સ્ત્રી મરણ પામી અને તારી પુત્રી રૂપે ઉત્પન્ન થઇ છે. આમ જ્ઞાનની મોટી આશાતના કરી જ્ઞાન બાળ્યું. પંડિતને હેરાન કરાવ્યા છે તે કર્મના ઉદયથી એને રોગો થયા છે.

પૂર્વભવને દેખાડતી ગુરુની આવી વાણી સાંભળતા ગુણમંજરીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી તે પોતાનો પાછલો ભવ દેખી મૂર્છા ખાઇ જમીન પર પડી ગઇ. શીત ઉપચારથી તે સાજી થઇ અને શેઠે તેના રોગ દૂર કરવા ગુરુને પૂછ્યું.ગુરુએ જ્ઞાનની આરાધના માટે દરેક અજવાળી પાંચમને દિવસે વિધિપૂર્વક ચઉવિહારો ઉપવાસ કરવાનું કહ્યું. પુસ્તકને પાટ ઉપર સ્થાપી સુગંધી ફુલથી પૂજન કરવું, ધૂપ કરી પાંચ સાથીઆ, પાંચ વર્ણના ધાન્ય ચઢાવવી પાંચ દીવેટનો ઘીનો દીવો કરી પાંચ જાતના



ફળ, પકવાન (નૈવેદ્ય) ધરવા. ગુરુના ચરણકમલને વંદન કરી જ્ઞાન આગળ ભાવ સહિત ભવ્ય જીવે જ્ઞાનની પૂજા ભક્તિ કરવી. આ પ્રમાણે પાંચ વર્ષને પાંચ મહિના સુધી જ્ઞાન પંચમીના તપનું આરાધન કરવું. વિધિપૂર્વક આ પ્રમાણે તપ કરવાથી સૌભાગ્ય વધે, રૂપ સારું મળે, રોગનો નાશ થાય, ધન-ધાન્ય-પુત્ર-પૌત્રાદિકની પ્રાપ્તિ થાય અને બુદ્ધિ વધે. પાંચ જ્ઞાનની પ્રાપ્તિ થાય. મોક્ષનું સુખ પણ મળે.



શેઠે ગુરુને કહ્યું કે "તેની દર મહિને ઉપવાસ કરવાની શક્તિ ન હોવાથી તે દર વર્ષે ઉપવાસ કરશે." ગુરુએ કહ્યું, સારું ! પહેલા ગુરુ પાસે ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરવું અને "ૐ હ્રીં નમો નાણસ્સ" પદનો બે હજારનો જાપ ઉત્તર કે પૂર્વ સન્મુખ અથવા ઇશાન ખૂણે બેસીને કરવો. જો અનુકૂળતા હોય તો પાંચમના દિવસે ઉપવાસ સાથે પૌષધ કરવો. પારણાના દિવસે પૌષધ પાળીને સાધુને વહોરાવી, સાધર્મિકને જમાડી, સ્વામી વાત્સલ્ય કર્યા પછી જ પોતે પારણુ કરવું. આ રીતની વિધિ સાંભળી ગુણમંજરીએ ઉલ્લાસપૂર્વક ગુરુમુખે જ્ઞાનપાંચમનું તપ અંગીકાર કર્યું.

ગુણમંજરીની વાતો સાંભળી અજિતસેન રાજા પણ ગુરુ મહારાજને પોતાના બુદ્ધિ વગરના પુત્ર વરદત્તનો પૂર્વભવ પૂછે છે અને ગુરુ પણ વરદત્તનો પૂર્વભવ જણાવે છે.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના શ્રીપુર નામના નગરમાં વસુ નામના શેઠ રહે છે. તે ઘણી ઋદ્ધિ સંપત્તિનો માલિક છે. તે શેઠને વસુસાર અને વસુદેવ નામના બે પુત્રો છે. બન્ને પુત્રો પોતાના મિત્રો સાથે ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયા. ત્યાં તેઓએ એક આચાર્ય ભગવંતને જોયા. તેમનું નામ મુનિસુંદરસૂરિ મહારાજ હતું. બન્ને ભાઇઓએ તેમની પાસે જઇને ભાવથી વંદન કર્યું. આચાર્યે પણ યોગ્ય જીવ જાણીને ધર્મનો ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું કે "સંસારના સર્વ પદાર્થ અનિત્ય છે. એટલે જે સવારે દેખાય તે મધ્યાહ્ને નથી દેખાતું અને જે બપોરે દેખાય છે તે રાત્રિએ કે સાંજે પણ નથી દેખાતું. એમ કોઇપણ પદાર્થ સ્થિર નથી. માટે ધર્મ વગરનું મનુષ્યપણું નકામું છે. સંસાર જૂઠો છે, તેમાં કોઇ સાર નથી."

આ પ્રમાણે ગુરુએ આપેલા ઉપદેશથી બંને વૈરાગ્ય પામ્યા. ઘરે આવીને માતા-પિતાની રજા લઇ તે જ આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. શુદ્ધ ચારિત્ર પાળતા આચાર્ય સાથે વિચરવા લાગ્યા. નાનાભાઇ વસુદેવમુનિએ નિરતિચારપણે ચારિત્ર પાળ્યું અને પોતાની બુદ્ધિના બળથી સર્વ આગમો અર્થ સહિત ભણ્યા અને મોટી પદવી પામ્યા. ગુરુએ તેમને યોગ્ય જાણી આચાર્યપદવી આપી. ત્યારબાદ તે કાયમ પાંચસો સાધુઓને આગમની વાચના આપતા. એક વખત વસુદેવ આચાર્ય સંથારા પર સૂતા હતા તે વખતે એક સાધુ આવીને આગમના અર્થો પૂછવા લાગ્યો. એ વખતે આ આચાર્યે પણ તરત જ ઊઠીને સાધુએ પૂછેલા પ્રશ્નોના અર્થ સમજાવ્યા. એ સાધુના ગયા પછી બીજા સાધુ આવ્યા. તેમને પણ સંતોષપૂર્વક સમજાવીને અર્થ કહ્યા. તેના ગયા પછી ત્રીજા સાધુ આમ એક પછી એક એમ ઘણા સાધુઓ આવીને જુદા જુદા પદના અર્થ પૂછવા લાગ્યા. બધાને ઉત્તર આપીને પોતે આરામ કરવા લાગ્યા. ઊંઘ આવી ગઇ એટલામાં ફરી એક સાધુએ આવીને પદનો અર્થ પૂછ્યો અને એક પછી એક અનેક પ્રશ્નો પુછ્યા તેથી આચાર્યની ઊંઘમાં ખલેલ પડી. આચાર્યે એ સાધુ પર ક્રોધ કર્યો. ખોટા અને ખરાબ વિચારો કર્યા કે મારો મોટો ભાઇ કેટલો ભાગ્યશાળી છે, કેવો સુખી છે. તે મૂર્ખ છે એટલે તેને કોઇ કશું પૂછવા જતા નથી એટલે સ્વછંદી બનીને સારી રીતે ખાય-પીએ છે. મારામાં આવું મૂરખપણું હોત તો હું પણ શાંતિથી રહી શકત.

આ આચાર્યે મનમાં મૂરખ બનવાના લાભો વિચાર્યા કે જો મૂરખ રહીએ તો આઠ પ્રકારના લાભો મળે. ૧) કોઇ પ્રકારની ચિંતા ન હોય. ૨) પેટ ભરીને ભોજન થાય. ૩) તેને કોઇ પ્રકારનો અસંતોષ ન હોય. ૪) રાત-દિવસ ઇચ્છા થાય ત્યારે સૂઇ શકે. ૫) આ કામ કરવું કે ન કરવું એની કશી

ખબર ન પડે એટલે કોઇ કશું પૂછે નહીં. ૬) માન મળે તો આનંદ ન થાય અને અપમાન મળવાથી ગુસ્સે ન થાય. ૭) શરીરમાં પ્રાયઃ રોગ જ ન થાય. ૮) શરીરે હ્રષ્ટ પુષ્ટ હોય. આ આઠ ગુણોથી જગતમાં મૂર્ખ પ્રાણી સુખી રહે છે. આવું વિચારી આચાર્યે મનમાં નક્કી કર્યું કે હવેથી હું પણ એક અક્ષરનો પાઠ  કોઇને નહીં આપું અને જેટલું આજ સુધી ભણ્યો છું તે શાસ્ત્રોને પણ ક્યારેય સ્વાધ્યાય નહીં કરું. બધુ જ ભુલી જઇશ તેમજ નવા ગ્રંથો પણ નહીં ભણુ.

આવુ વિચારી મનમાં ક્રોધ લાવીને બાર દિવસ સુધી તે આચાર્ય મૌન રહ્યા. આ કરેલ પાપની આલોચના લીધા વગર અશુભ ધ્યાનથી મરણ પામીને ચારિત્ર આરાધનાના પ્રભાવે તે આચાર્ય, હે રાજા ! તારા પુત્ર થયા અને પૂર્વોક્ત કર્મના લીધે તેઓ અત્યંત મૂર્ખ થયા અને લોકોમાં મશ્કરીનું સાધન બન્યા અને મહારોગથી અત્યારે પીડાય છે. વળી તે આચાર્યનો મોટો ભાઇ જે મૂર્ખ સમાન હતો તે મરણ પામીને માનસરોવરમાં હંસ રૂપે ઉત્પન્ન થયો. છતી શક્તિએ ન ભણનારા તથા મૂર્ખ વ્યક્તિ એ બન્ને જ્ઞાનની આશાતનાથી દુઃખી થયા. કર્મની ગતિ વિચિત્ર પ્રકારની છે.

ગુરુના આવા વચનો સાંભળી વરદત્તને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ યાદ આવવાથી ક્ષણમાં સચેત થઇ ગુરૂ પર બહુમાન કરવા  લાગ્યો. પુત્રના રોગ નિવારણ અને સુખસમાધિ માટે ગુરૂને પૂછતાં તેઓએ જણાવ્યું કે તપ કરવાથી સર્વ દુઃખો તથા પાપો પણ દૂર થાય છે. તપ ફ્લદાયક છે. વરદત્તે પોતાની શક્તિ મુજબ થઇ શકે તેવું તપ ગુરૂને પૂછતા ગુરુએ જણાવ્યું કે જે તપ ગુણમંજરી કરે છે તે જ કાર્તિક સુદ પાંચમનું તપ જીવે ત્યાં સુધી કરવું. વરદત્તે તે તપ વિધિ સહિત ચાલુ કર્યું. તપના પ્રભાવથી તેના શરીરના બધા રોગો જતા રહ્યા અને રૂપ ખીલી ઉઠ્યું. રૂપ અને બુદ્ધિના લીધે હજારો કન્યાઓએ સ્વયંવરમાં મોટા આડંબર સહિત  મહોત્સવ કરી તેની સાથે પાણિગ્રહણ કર્યું. વરદત્ત પુરુષની બહોંતેર કલાઓ શીખીને પારંગત થયો.




સમય જતા વરદત્તને રાજ્ય પાટે સ્થાપી તેના પિતાએ વૈરાગ્યવાન થઇ ચારિત્ર લીધું અને તેઓ સુખ સમાધિથી ચારિત્ર પાળતા વિહાર કરવા લાગ્યા. વરદત્ત પણ વર્ષોવર્ષ જ્ઞાનપંચમીનું તપ વિધિ સહિત આરાધી પ્રજાને સુખ આપતા ઘણા યશઃ કીર્તિને પામ્યા. ઘણા વર્ષો રાજ્યના ભોગ ભોગવતા સંસારને અસાર જાણી પોતાના પુત્રને રાજગાદી સોંપી વરદત્તે ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી.


આ બાજુ ગુણમંજરી પણ વિધિ સહિત જ્ઞાનપાંચમનું તપ શુદ્ધ ભાવે કરતી હતી. તપના પ્રભાવથી તેના પણ શરીરના સર્વ રોગો દૂર થયા અને લાવણ્યમય રૂપની પ્રાપ્તિ થઇ. પિતાએ તેના શુભલગ્ન જિનચંદ્ર નામના મહાન ઋધ્ધિવાળા વેપારી સાથે મહોત્સવપૂર્વક કરાવી દાયજામાં ઘણું દ્રવ્ય આપ્યું. ગુણમંજરીએ પોતાના પતિ સાથે ઘણા કાળ સુધી સંસારના સુખ માણવાની સાથે સાથે પાંચમની આરાધના પણ વિધિ સહિત કરી તથા સુકૃત માર્ગે સારુ એવું ધન પણ વાપરવાનું કર્યું. થોડા વર્ષો બાદ સદ્‌ગુરુની દેશના સાંભળી દીક્ષા ગ્રહણ કરી નિરતિચાર ચારિત્ર પાળી અંત સમયે સમાધિ મરણ પામી. વરદત્તઋષિ પણ સમાધિમરણ પામ્યા. આમ બન્ને જણા અનુત્તરમાં વૈજયંત નામના વિમાનમાં બત્રીશ સાગરોપમના સુખ ભોગવવા લાગ્યા.

દેવતાઇ સુખ ભોગવી ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી-ચ્યવીને વરદત્તનો જીવ પૂર્વ મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયની પુંડરીકિણી નગરીમાં અમરસેન રાજાની ગુણવંતી નામની પટ્ટરાણીની કુક્ષીએ આવે છે. સંપૂર્ણ ગુણે શોભતો તે જીવ નવ માસે જન્મે છે. માતાપિતા મોટો મહોત્સવ કરી તેનું શૂરસેન નામ પાડે છે. તેજ શૂરસેન પાંચ ધાવ માતાઓથી પળાતો બાર વર્ષની ઉંમરે સર્વ કલામાં પ્રવીણ થયો. યૌવનવસ્થામાં આવતા પિતાએ તેનુ ચોસઠ કળામાં જાણકાર એવી સો રૂપવતી કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું. ત્યારબાદ તેને રાજપાટ પર સ્થાપી પિતા મૃત્યુ પામ્યા.



થોડા સમયમાં ત્રણ જગતના આધાર ભગવાન શ્રી સીમંધરસ્વામી ત્યાં સમોસર્યા. પ્રભુના ત્યાં આવવાની વધામણી વનપાલકે રાજાને (શૂરસેન)





આપી.) દેવોએ ગોળ સમવસરણ રચ્યું. કરોડો દેવ પ્રભુની સેવામાં હાજર હતા. રાજાએ વનપાલકને ઘણું પ્રીતિદાન આપી ખુશ કર્યો. રાજા પણ પ્રભુનું આગમન સાંભળી હર્ષવંત થઇ પોતાના પરિવાર સાથે ઘણા આડંબર સહિત પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુને વંદન કરી યથાસ્થાને ધર્મદેશના સાંભળવા બેઠા. ભગવાને પણ દેશનામાં સૌભાગ્યપંચમીની આરાધના વિષે સમજાવતા કહ્યું કે જ્ઞાનપંચમીના તપથી બધા દુઃખો દૂર થાય છે અને જીવ સૌભાગ્યલક્ષ્મીને પામે છે. વરદત્તે આ તપ કરી સુખસંપદા મેળવી. આ સાંભળી શૂરસેન રાજા પ્રભુને પૂછે છે કે 'આ વરદત્ત કોણ છે ? તેનું ચરિત્ર અમને કૃપા કરી સંભળાવો.' ભગવાને પણ સર્વ સભા સમક્ષ વરદત્તનો પૂર્વભવ કહ્યો. અને કહ્યું, 'હે રાજન ! વરદત્તનો જીવ તે તું પોતે જ છે.' આમ ભગવાન પાસે તપનો પ્રભાવ સાંભળી ઘણા જીવો પ્રતિબોધ પામ્યા અને પાંચમનો તપ અંગીકાર કર્યો. શૂરસેન રાજાએ પણ પ્રતિબોધ પામી દશ હજાર વર્ષ સુધી રાજ્યલક્ષ્મી પાળી ઘણા સુકૃતના કામ કરી પોતાના પુત્રને રાજ્ય સોંપીને મોટા આડંબર સાથે શ્રી સીમંધરસ્વામી ભગવાન પાસે ચારિત્ર અંગીકાર કર્યું. અને એક હજાર વર્ષ સુધી ચારિત્ર પાળી ઘનઘાતી કર્મ ખપાવી કેવલજ્ઞાન પામી મોક્ષના સુખને પામ્યા...

આ બાજુ જંબૂદ્વીપના મહાવિદેહમાં રમણીય એવી ઉમા નામની વિજયમાં શુભા નગરી હતી. ત્યાં અમરસિંહ નામના રાજાની અમરાવતી નામે શીલથી અલંકૃત એવી રાણી હતી.

તેમની કુક્ષી (ગર્ભ)માં ગુણમંજરીનો જીવ દેવલોકથી ચ્યવી પુત્રપણે ઉત્પન્ન થયો. નવ માસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. માતા-પિતાએ પુત્રનું નામ સુગ્રીવકુમાર પાડ્યું. પુત્ર શુકલપક્ષના ચંદ્રની જેમ દિવસે દિવસે વધતો રૂપ-લાવણ્ય-ગુણથી શોભાયમાન થઇ અનુક્રમે વીશ વર્ષનો થયો. રાજા અમરસિંહેને સંસારથી વિરક્ત થઇ પુત્રને રાજ્ય પર સ્થાપી દીક્ષા લીધી. નિરતિચાર ચારિત્ર પાળી મોક્ષે પહોંચ્યા.

સુગ્રીવ રાજા (ગુણમંજરીનો જીવ) સાથે ઘણી રાજકન્યાઓનું લગ્ન થયુ. સંસારના સુખ ભોગવતા તેને ચોર્યાશી હજાર પુત્ર થયા. મોટા પુત્રને રાજ્ય સોંપી અને બાકીના નાના દીકરાઓને જુદા જુદા રાજ્યો પર સ્થાપી પોતે સુગુરુ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. સુંદર ચારિત્ર પાળી ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. ભવિ જીવોને પ્રતિબોધતા સુગ્રીવરાજર્ષિ એક લાખ પૂર્વ સુધી ચારિત્ર પાળી સર્વકર્મનો ક્ષય કરી મોક્ષપદ પામી અજરામર થયા.

આમ, પંચમીની આરાધનાથી ભવ્ય જીવોને અધિક સૌભાગ્યની પ્રાપ્તિ થવાથી લોકમાં જ્ઞાનપંચમીનું નામ સૌભાગ્યપંચમી એવું પ્રસિદ્ધ થયું. માટે હે ભવ્ય જીવો ! પંચમીનું તપ વિશેષે આરાધો અને તેના પ્રત્યે આદર રાખો. સંસારના ભય ટાળવા માટે એ અત્યંત અદ્ભૂત આરાધના છે. તે આરાધનાથી જીવ આ ભવ તથા પરભવને વિષે અનંતી સુખસંપદા પામે છે.



# મૌનએકાદશી પર્વ


એક વખત ભગવાન શ્રી મહાવીરસ્વામીને વંદન કરી શ્રી ગૌતમસ્વામીએ પુછ્યું, હે ભગવાન ! અનંત જ્ઞાનવંત ! મૃગશિર શુકલ (સુદ) એકાદશી (અગ્યારસ)નો કોઇ પૌષધ કરે તો તેનું ફળ શું થાય ? ત્યારે પ્રભુ કહે, હે ગૌતમ ! સાંભળ.

એક વખત દ્વારિકા નગરીમાં આ ચોવીસીના બાવીશમાં નેમીનાથ ભગવાન સમોસર્યા (પધાર્યા). શ્રી કૃષ્ણએ તેમને




ત્રણ પ્રદક્ષિણા દઇ વિનયપૂર્વક વંદન કર્યા. ત્યારબાદ દેશના સાંભળવા બેઠા. દેશના બાદ પ્રભુને પૂછ્યું કે 'હે સ્વામી ! વર્ષના ત્રણસો સાઠીઠ દિવસમાં એવો ક્યો દિવસ છે કે જે દિવસે અલ્પ (નાનો) વ્રતતપ કરવા છતાં તે દિવસનો તપ બહુ ફળ આપનારો થાય ?' ત્યારે પ્રભુએ તેમને કહ્યું કે માગશર સુદ અગ્યારસના દિવસે અલ્પ પુણ્ય કરવા છતાં પણ બહુ પુણ્ય થાય છે, તેથી આ પર્વ સર્વ પર્વોમાં ઉત્તમ છે. તેથી આ દિવસે તેની આરાધના કરવી યોગ્ય છે.

આ ભરતક્ષેત્રમાં આ દિવસે વર્તમાન ચોવીસીના અઢારમાં શ્રી અરનાથજીએ દીક્ષા લીધી હતી. એકવીશમાં નમિનાથજીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું અને ઓગણીસમાં શ્રી મલ્લીનાથજીનો જન્મ તેમજ દીક્ષા પણ એ જ દિવસે અને કેવળજ્ઞાન પણ એ જ દિવસે પ્રાપ્ત થયું હતું. આમ, આ દિવસે કુલ પાંચ કલ્યાણક થયા છે. આમ વર્તમાન ચોવીશીના પાંચ ભરતના અને પાંચ ઐરવતના એમ કુલ દશ ક્ષેત્રના પાંચ-પાંચ મળી પચાસ કલ્યાણક થાય છે. તેવી જ રીતે અતીત (ભૂતકાળ) અને અનાગત (ભવિષ્ય) ચોવીશીના પણ પચાસ-પચાસ કલ્યાણક ઉમેરતા ત્રણ કાળના દોઢસો કલ્યાણક થાય. જો આ દિવસે (અગ્યારસે) એક ઉપવાસ કરીએ તો પણ દોઢસો ઉપવાસનું ફળ મળે. એટલે પુન્યશાળીઓએ આ દિવસે બીજાઓને સંસાર પ્રત્યેની અનુમતિ ન આપી મૌન પણે રહી, ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરી જયણા સહિત આઠ પહોરનો અહોરાત્ર પૌષધ કરવો જોઇએ.



ગુરુ કે સાધર્મિક સાથે ધર્મવિચાર, ધર્મકથા, ધર્મચર્ચા મંદ સ્વરે કરે. વળી શાસ્ત્ર ભણે-ગણે, સ્વાધ્યાય કરે તો મૌનવ્રતનો ભંગ થતો નથી પણ સાવદ્ય વચન બોલે, વિકથા કરે તો મૌનવ્રતનો ભંગ થાય. પારણાના દિવસે પૌષધ પાળી જ્ઞાનને પૂજે, દેરાસર જઇ ઉત્તમ ફળથી પૂજા કરે. ઘેર આવી સાધુને વ્હોરાવે, સાધર્મિકને જમાડે, તેની ઉત્તમ ભક્તિ કરી પછી પોતે પારણું કરે. આવી રીતે અગિયાર વર્ષ સુધી કરે. ૧૧માં વર્ષે પૌષધ પાળી જિનેશ્વર પ્રભુ પાસે ૧૧-૧૧ મીઠાઇ, કઠોળ, પકવાન, ફળ, ધાન્ય વગેરે મૂકવા. સામર્થ્ય ન હોય તો પણ જઘન્યથી અગિયાર શ્રાવક જમાડવા, સંઘનું સ્વામી-વાત્સલ્ય કરવું. ૧૧ અંગ લખાવી યથાશક્તિ ઉજમણુ કરવું, તો મોટો લાભ થાય.



આટલું સાંભળ્યા પછી શ્રી કૃષ્ણે નેમિનાથ ભગવાનને પૂછ્યું કે ક્યા પુણ્યવંત જીવે મૌન અગ્યારસની આરાધના કરી ? તેનું શું ફળ પ્રાપ્ત થાય ?

હે વાસુદેવ ! સાંભળ.

ધાતકીખંડના દક્ષિણ ભરતાર્દ્ધમાં વિજયપુર નામનું નગર છે. તેમાં ચોરાશી ચૌટા અને અનેક દાન-શાલાઓ છે. તે નગર પ્રત્યક્ષ દેવલોક સમાન છે. ત્યાં ઘણા ધનવંત સુખી લોકો વસે છે. ત્યાં નરવર્મા નામનો ગુણવંત, પ્રજાને પાલનાર, પ્રજાનો ભય ટાળનાર, શત્રુના મદને ઉતારનાર એવો પરાક્રમી રાજા છે. તેને ચંદ્રાવતી નામની મહાસ્વરૂપવાન, શીલ વગેરે ગુણો તથા ચોસઠ કલામાં પ્રવીણ અત્યંત માનીતી રાણી છે.

તે જ નગરમાં સૂર નામે મોટો વેપારી શેઠ છે. તે દેવગુરુનો પરમ ભક્ત, ઋદ્ધિવંત મોટી સંપદાનો માલિક છે. તેણે એક વખત એક ગુરુને પૂછ્યું કે ક્યા ધર્મથી ઘણા કર્મોનો ક્ષય (નાશ) થાય તે મને



કહો. ત્યારે ગુરુએ તેને મૌનએકાદશીનું તપ કરવા કહ્યું. શેઠે કુટુંબ સહિત તે તપ ૧૧ વર્ષ સુધી કરીને સ્વામીવાત્સલ્ય-ઉજમણું કર્યું. અનુક્રમે આયુષ્ય પૂર્ણ કરી તે ૧૧માં આરણદેવલોકમાં તપના પ્રભાવથી ૨૧ સાગરોપમના આયુષ્યવાળા દેવતાપણે ઉત્પન્ન થયો. ત્યાં દેવતાની સંપદા-ઋદ્ધિ ભોગવી આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના સૌરીપુરી નગરીના સમુદ્રદત્ત શેઠની પ્રીતિમતી સ્ત્રીની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો. તે વખતે તેની માતાને વ્રત પાળવાની ઇચ્છા થઇ. અનુક્રમે સવા નવ માસે ગર્ભસ્થિતિ પૂર્ણ થતા જન્મ થયો. મધ્ય રાત્રે બાળકની નાળ છેદીને તે નાલને જમીનમાં દાટવા જતા ખોદતા ખોદતા તેમાંથી નિધાન (ધનનો ભંડાર) મળ્યું. તે નિધાન લઇ માતાપિતાએ મોટો જન્મોત્સવ કર્યો. બારમા દિવસે સર્વ કુટુંબ પરિવારને ઉત્તમ ભોજન જમાડ્યું. માતાને વ્રત કરવાની ઇચ્છા થઇ તેથી તે બાળકનું નામ સુવ્રત પાડ્યું.

બાળક બીજાના ચંદ્રની જેમ લાલન પાલનથી મોટો થતા આઠ વર્ષનો થયો ત્યારે માતા-પિતાએ ભણવા યોગ્ય જાણી શુભ દિવસે શુભ મુહૂર્તે નિશાળગરણુ કરી મોટા ઉત્સવપૂર્વક નિશાળે ભણવા મૂક્યો. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તે સમસ્ત કલામાં પ્રવીણ થયો. યૌવનાવસ્થા પામ્યો ત્યારે પિતાએ તેને મોટા વ્યવહારીઓની ૧૧ કન્યાઓ પરણાવી. રૂપવંત દેવકન્યા સમાન બધી કન્યાઓ સાથે સંસાર સંબંધી પાંચેય ઇન્દ્રિયોના વિષય સુખો તેણે ભોગવ્યા.

સમુદ્રદત્ત શેઠ પુત્રને ઘરનો ભાર સોંપી શ્રાવક ધર્મ પાળી છેવટે અનશન કરી, સમાધિ મરણ પામી, દેવલોકે ગયા. ત્યારબાદ સુવ્રત શેઠ ૧૧ કોટિ ધનનો ધણી થઇ લોકોમાં માનનીય થયો. એક વખત તે નગરના ઉદ્યાનમાં શીલસુંદર નામના આચાર્ય અનેક સાધુના પરિવાર સાથે પધાર્યા. વનપાલકે તરત રાજાને વધામણી આપી. રાજાએ તેને ઘણું દ્રવ્ય આપી વિસર્જન કર્યો. ત્યારબાદ રાજા આડંબર સહિત પોતાના પરિવાર સાથે મુનિને વાંદવા ગયા. સુવ્રતશેઠ પણ ગુરુજીને વાંદવા આવ્યા.

ચાર જ્ઞાનના ધણી એવા મુનીશ્વરે પર્ષદા (સભા) આગળ ધર્મોપદેશ આપવા માંડ્યો. તેમાં માગશર સુદ અગીયારસના દિવસે આવતા મૌનએકાદશી પર્વના મહિમાનું વ્યાખ્યાન કર્યું. સુવ્રત શેઠને તે સાંભળીને જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું. એણે પોતાનો પૂર્વભવ જોયો અને ગુરુને કહ્યું કે હે ભગવન ! હું હવે શું કરું, જેથી મારો મોક્ષ થાય. ત્યારે ગુરુએ મૌનએકાદશીનું તપ કરવા જણાવ્યુ. ત્યારથી સુવ્રત શેઠે પ્રતિ સુદ-૧૧ના કુટુંબ સહિત મૌનપણે અહોરાત્રીનો ચઉવિહાર ઉપવાસ અને પૌષધ કર્યા.

એક વખત ચોરોએ સાંભળ્યું હતું કે સુવ્રત શેઠ કુટુંબ સહિત મૌન અગીયારસના દિવસે મૌન સહિત પૌષધ કરે છે. તે સાંભળી ચોરોએ તેમના ઘરે ધાડ પાડવાનું નક્કી કર્યું. પોતાના ચોરી કરવાના કુવિચારને અમલમાં મૂકી રાત્રે સુવ્રતશેઠના ઘરમાં પ્રવેશ કર્યો. રાત્રિના સમયે કશું ન દેખાતા એ ચોરોએ અગ્નિ પ્રગટાવી અજવાળું કરી માલ લૂંટવા માંડ્યો. એ વખતે સુવ્રત શેઠ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા છે, છતાં વિચારે છે, ભલે મારું ધન લઇ જાય પણ અગ્નિ પ્રગટાવવાથી અગ્નિકાયના જીવો મરી જાય છે, તેનું મને દુઃખ થાય છે. તેથી તેની વિરાધના થતા પશ્ચાત્તાપ કરતા શુભ ધ્યાનમાં ચઢતા પરિણામવાળા થયા. ચોરો બધું ધન લઇ જવા લાગ્યાં પણ શેઠના ધર્મપ્રભાવે શાસનદેવતાઓએ ચોરોને ત્યાં રોકી સ્થંભિત (સ્થિર) કરી દીધા.

પ્રભાત થતા શેઠે કુટુંબ સહિત ઉપાશ્રયમાં ગુરુ પાસે જઇ પૌષધ પાળી, જ્ઞાનની પૂજા કરી. વ્યાખ્યાન સાંભળી,





દેરાસર પૂજા કરીને ઘરે પાછા આવ્યા ત્યારે ચોરોને ત્યાં ઉભેલા જોયા. આડોશ-પાડોશના લોકોએ બધી હકીકતની રાજાને જાણ કરી. રાજાએ સુભટોને ચોરોને પકડવા મોકલ્યા. શેઠને ચિંતા થઇ કે રાજાના માણસો ચોરોને મારશે અને દુઃખ આપશે. શેઠની ચોરો પ્રત્યેની કરુણાથી તે સુભટો પણ શેઠના તપના પ્રભાવથી ત્યાં ચોરોની જેમ સ્થિર થઇ ગયા. આ બધી વાતો રાજાએ જાણી એટલે એ પણ ત્યાં સપરિવાર સાથે આવ્યો. સુવ્રત શેઠે રાજાનું બહુમાન કરી ભેટણું ધર્યું. રાજાના ચરણે નમી ચોરો માટે અભયદાન માંગ્યું. રાજાએ પણ પ્રસન્ન થઇ ચોરોને માફી આપી. શેઠે પણ ચોરોને રજા આપી અને સાચી સલાહ આપી. શાસનદેવતાએ પણ શેઠની ઇચ્છા જાણી સ્થંભિત કરેલા સુભટો અને ચોરોને મુક્ત કર્યા. શેઠના તપના પ્રભાવે લોકો પણ જૈન ધર્મ પાળવા લાગ્યા. રાજા પણ ખુશ થયા અને જૈન ધર્મનો મહિમા વધ્યો.

ફરી એક વખત મૌન એકાદશીના દિવસે શેઠ પોતાના ઘરમાં પૌષધ લઇ કાઉસગ્ગે રહ્યા હતા. એ વખતે નગરમાં ક્યાંક આગ પ્રગટી. લોકોમાં કોલાહલ થવા માંડ્યો. આખા નગરમાં અગ્નિ ફેલાઇ. લોકોએ શેઠને બહાર નીકળવા બૂમાબમ કરી. કુટુંબ સહિત કાઉસગ્ગમાં હોવાથી શેઠ હલ્યા પણ નહીં કે ડર્યા પણ નહીં અને કાઉસગ્ગ કરતા જ રહ્યા. શેઠના ધર્મપ્રભાવથી તેમનું ઘર, વખારો, હાટ, શેઠના ઉપભોગ્ય (વાપરવા લાયક) વસ્તુ, જિનભવન, પૌષધશાળા છોડીને સર્વ નગર આગથી બળી ભસ્મ થયું.


સુવ્રત શેઠની બધી વસ્તુ અગ્નિમાંથી બચી જતા સવાર થતાં લોકોએ શેઠના મહિમાનું ગાન કર્યું. રાજા પણ પોતાના પરિવાર સાથે શેઠનું ઘર જોવા આવ્યો ત્યારે આશ્ચર્ય પામ્યો. શેઠે પણ રાજાને ભેટણું ધરી મોતીનો થાળ ભરી વધાવ્યા. રાજાએ શેઠને કહ્યું કે, "તમે આ નગરનું આભરણ (રત્ન) છે." જૈન ધર્મનો મહિમા નજરે જોયા પછી સર્વે નગરલોક શ્રી જૈન ધર્મની પ્રશંસા કરવા લાગ્યો.

તપ પૂર્ણ થયે શેઠે તપનું ઉજમણુ કર્યું. બધી વસ્તુ ૧૧-૧૧ મૂકી સ્વામીવાત્સલ્ય, સંઘપૂજા વગેરે ઘણાં ધાર્મિક કાર્યો કર્યા. શેઠને ૧૧ પત્ની તથા દરેકને ૧૧ પુત્રો અને ૧૧ પુત્રીઓ થઇ. ક્રમશઃ શેઠે બધાને પરણાવ્યા. સમય જતા શેઠ અત્યંત ઋદ્ધિવાળા થયા તેમજ નવાણુ ક્રોડ સોનૈયા ઉપાર્જન કરી દાન-પુણ્ય કરવા લાગ્યા. વૃદ્ધાવસ્થા થતા વિચાર્યું કે જો સારા ગુરુ મળી જાય તો દીક્ષા લઇ શુદ્ધ ચારિત્ર પાળું તો જન્મ સફળ થાય. આ માટે પરિવારની આજ્ઞા લીધી. શેઠના પુણ્યે ચાર જ્ઞાનના ધણી એવા શ્રી ગુણસુંદર નામના આચાર્ય ત્યાં પધાર્યા.

રાજા-પ્રજા સર્વ ગુરુને વાંદવા ગયા. ગુરુએ ધર્મોપદેશ આપતા કહ્યું કે, ''સંસાર અનિત્ય છે. વિષય સુખની લાલચથી દુર્લભ એવો મનુષ્યભવ જીવ-પ્રમાદસેવન કરી હારી જાય છે અને તેવા જીવો સંસારમાં ઘણો કાળ ભટકે છે. જીવ એકલો આવ્યો છે અને એકલો જ જાય છે. બધા સ્વાર્થના સગા છે. બધા સ્વાર્થ પૂર્ણ થતા એક ક્ષણમાં સ્નેહ દેખાડી ક્યાં અળગા થઇ જશે તેની ખબર પણ નહીં પડે. સંસારનું સુખ ચંચલ છે, જે પ્રાણી સમસ્ત વસ્તુ પરથી મૂર્છા ઊતારી શ્રી વીતરાગે પ્રરૂપેલા (બતાવેલ) દાન, શીલ, તપ, ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ કરશે તે પ્રાણી સર્વ દુઃખથી મુક્ત થઇ પરંપરાએ જન્મ-જરા-મરણ રહિત એવા મોક્ષના સુખને પામશે.''

આચાર્યનો ઉપદેશ સાંભળી સુવ્રત શેઠ સંસારથી ભય પામી ગુરુને કહેવા લગ્યા કે હું આપની પાસે દીક્ષા લઇશ. ઘરે જઇ મોટા પુત્રને ઘર ભળાવી, સાતક્ષેત્રે ઘણું ધન વાપર્યું. શુભ મુહુર્તે હજાર માણસ ચલાવી શકે તેવી સહસ્ત્રવાહિની નામની પાલખીમાં બેસીને પોતાની ૧૧ પત્નીઓ સાથે સંવેગભાવે ગુરુ પાસે આવ્યા. ગુરુ નિશ્રાએ પાંચ મહાવ્રત ઉચ્ચર્યા. તેમણે બસો છઠ્ઠ, સો અઠ્ઠમ, ૪, ૫, ૧૨, ૧૫, 30 ઉપવાસ, ચાર વાર ચોમાસી, એક વાર છમાસી ઉપવાસ સુધીના ઘણાં તીવ્ર તપ કર્યાં અને આત્માને પવિત્ર બનાવ્યો.







એક વખત સુવ્રત સાધુ મૌન એકાદશીના દિવસે મૌનવ્રત ધારણ કરી કાઉસગ્ગ ધ્યાને હતા તે સમયે એક મલિન વ્યંતર દેવતા તેમના તપથી નવાઇ પામ્યો. તેથી તેણે સુવ્રત સાધુની પરીક્ષા કરવા માટે કોઇ એક સાધુના શરીરમાં કારમી વેદના પ્રસરાવી અને તે સાધુના શરીરમાં પ્રવેશ્યો. હવે દેવતાઇ બળે તે સાધુ સુવ્રત સાધુ કાઉસગ્ગમાં છે ત્યાં જઇને કહે છે કે ''તમે ઉપાશ્રયની બહાર જઇ કોઇ શ્રાવકના ઘરેથી ઔષધ લઇ આવો જેથી મારી વેદના શમી જાય. મારા શરીરમાં રોગ છે, જ્યારે તમે નીરોગી છો. માટે મારાથી નહીં જવાય, તમે જાવ.'' સુવ્રત સાધુ વિચારે છે કે મારે મૌનવ્રત છે એટલે હું શ્રાવકના ઘરે જઇ કેવી રીતે કહી શકીશ ? વળી ઉપાશ્રયની બહાર નહી જવાનો પણ મારે નિયમ છે. આટલી વારમાં તો વ્યંતરયુક્ત સાધુએ ગુસ્સે થઇને સુવ્રત શેઠને માથામાં ઓઘો માર્યો. સુવ્રત સાધુને થાય છે કે સાધુને પીડા છતાં હું કશું કરી શકતો નથી. આમ, અહોભાવની ધારામાં ચઢતા શુક્લધ્યાન ધ્યાવતા તેમણે ઘાતીકર્મો ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી.

દેવતા આ જોઇ મોટો મહોત્સવ કરે છે. સુવ્રત મુનિ ઘણા ભવ્ય જીવોને ધર્મ પમાડી...અંતિમ સમયે અનશન કરી મોક્ષપદને પામ્યા. બીજા ઘણા સાધુઓ પણ આ તપ આરાધીને આ ભવે જ આંતરિક ઋદ્ધિ પામી મોક્ષસુખને પામ્યા...

આ બધી વાત નેમીશ્વર પ્રભુના મુખે કૃષ્ણ વાસુદેવે સાંભળી અને ધર્મ વિષે ઉદ્યમવંત બન્યા. અને ક્રમશઃ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું.

આ આખો પ્રસંગ શ્રી મહાવીર સ્વામી ભગવાને શ્રી ગૌતમસ્વામીજીને સંભળાવ્યો.

આમ, આપણા જીવનમાં આપણે પણ મૌન એકાદશી પર્વની આરાધના ખૂબ ઉલ્લાસથી કરીએ...



# કાર્તકી પૂનમ પર્વ

જે પુણ્યાત્માઓ કારતક સુદી પૂનમના દિવસે અરિહંત પરમાત્માનું ધ્યાન ધરે છે તે પુણ્યાત્માઓ સ્વર્ગ આદિના સુખો ભોગવીને અંતે મોક્ષસુખને પામે છે. ગિરિરાજ શ્રી સિદ્ધાચલજીની કારતક સુદ-૧૫ (પૂનમ)ની જાત્રાનું ઘણું મહત્ત્વ છે.

સ્ત્રી હત્યા, બાળહત્યા, ગૌ(ગાય) હત્યા અને બ્રહ્મ (બ્રાહ્મણ) હત્યા વગેરે પાપો કરનાર પણ શ્રી વિમલાચલ મહાતીર્થમાં એક ઉપવાસ પણ કરીને ગિરિરાજની યાત્રા કરે તો તે અનંત પુણ્ય પામી પાપથી મુક્ત થાય છે. આ ગિરિરાજના ૧૦૮ નામો છે. આપણા પૂર્વજોએ શાસ્ત્રમાં આ ગિરિરાજનું મહત્ત્વ સમજાવેલું છે.

ગુજરાતી મહિનાનો પહેલો મહિનો તેમજ પહેલી કારતક સુદ-પૂનમ છે. લાખો જૈનો ઘણા બધા તીર્થોની પૂનમ ભરે છે. પાલીતાણા, શંખેશ્વર, સમેતશિખર, કલિકુંડ, પાવાપુરી. આમ અનેક સ્થળે ભાવિક લોકો પૂનમે ઉમટે છે. તો ચાલો, કાર્તકી પુનમના મહત્વની કથા સાંભળીયે.

શ્રી દ્રાવિડ અને વારિખિલ દશ ક્રોડ મુનિઓ સાથે ગિરિરાજ તીર્થ પર કાર્તિક પૂર્ણિમાનાદિવસે મોક્ષમાં પધાર્યા છે. આ સિવાય બીજા ઘણા બધા જીવો આ ગિરિરાજ પરથી મોક્ષે પધારેલા છે. એનો કથા-પ્રસંગ નીચે મુજબ છે.

શ્રી આદિનાથ ભગવાનના સો પુત્રો અને (બે) પુત્રીઓ એમ કુલ ૧૦૨ સંતાનો હતા. તેમાં દ્રવિડ નામનો એક પુત્ર હતો. તેને દ્રાવિડ અને વારિખિલ નામના બે પુત્રો હતા. દ્રવિડે પોતાના પિતા શ્રી ઋષભદેવ ભગવાન પાસે દીક્ષા લેવાનું નક્કી કર્યું. બન્ને પુત્રોને એટલે દ્રાવિડને મિથિલાનું રાજ્ય અને વારિખિલને લાખ ગામ આપ્યા અને પોતે દીક્ષા લઇ મોક્ષ પામ્યા.



હવે બન્યું એવું કે દ્રાવિડને વારિખિલની સંપત્તિ અધિક લાગતા ઇર્ષ્યા આવી. ભાઇની સંપત્તિને સહન નહિ કરતા દ્રાવિડને વારિખિલ પર દ્વેષ જાગ્યો. વારિખિલને ખબર પડવાથી તેને દ્રાવિડ પર દ્વેષ આવતા બન્ને એક બીજાના દોષો જોવા લાગ્યા.

"આ ઇર્ષ્યા દોષ એટલો બધો ભયંકર છે કે જે પ્રમોદભાવના એટલે એક બીજાના ગુણો જોવાની શક્તિને પણ બાળી નાંખે છે." પ્રમોદ ભાવના (પ્રેમ) જતા ભાઇ-ભાઇ પણ પરસ્પરના દોષોને જોવા લાગે છે.



એના લીધે બન્ને રાજ્ય સુખના માલિક હોવા છતાં સુખની સામગ્રીમાં પણ દુઃખી થાય છે. આ દોષ જો સાધુ જીવનમાં આવે તો તે સાધુ હોવા છતાં પણ દુઃખી દુઃખી થઇ જાય છે. માટે ક્યારેય પણ કોઇની ઇર્ષ્યા કરવી નહીં. પ્રમોદ ભાવનાને પોતાના જીવનમાં સ્થાન આપવું અને કોઇપણ દોષો હોય તેને ઓળખીને દેશવટો આપી દેવો.

એક વખત દ્રાવિડે વારિખિલને પોતાના નગરમાં આવવાનો નિષેધ કર્યો એટલે વારિખિલ મોટી સેના લઇ દ્રાવિડ સાથે યુધ્ધ કરવા આવ્યો. દ્રાવિડ પણ નાના ભાઇ સાથે યુદ્ધ કરવા નીકળ્યો. બન્નેની સેનાએ થોડુ અંતર રાખી યુદ્ધનો પડાવ નાખ્યો. બન્નેની સેનામાં દશ દશ લાખ હાથી-ઘોડા-રથ, દશ દશ કરોડનું



પાયદળ હતું. બન્ને વચ્ચે યુદ્ધ સાત મહિના સુધી ચાલ્યુ. જેમાં દશ કરોડ સૈનિકો મૃત્યુ પામ્યા. કહેવત છે ને કે "સત્તાધીશો લડે અને પ્રજા મરી જાય." ચોમાસુ આવ્યું, યુદ્ધ બંધ થયું. ગમે તેટલા લાંબા યુદ્ધો થાય પણ ચોમાસામાં ક્યારેય યુદ્ધ ન થાય. એટલે ચોમાસામાં હિંસા ઓછી કરવી એ સમજ આપણામાં પણ આવવી જોઇએ.

ચોમાસામાં વૃક્ષો ફૂલી ફાલીને મોટા થાય છે. ચારે બાજુ લીલી વનરાજી ખીલી ઉઠે છે. એવામાં એક વખત ખીલેલી વનરાજી જોવા નીકળેલા દ્રાવિડ ત્યાં વનમાં તાપસના આશ્રમમાં ગયા. એ આશ્રમમાં ઘણા તાપસો હતા. તેમના ગુરુ સુવલ્ગુ નામના તાપસ હોવા છતાં સુંદર ગુણો ધરાવતા હતા. વિમલમંત્રીની પ્રેરણાથી દ્રાવિડ રાજા એ તાપસપતિ પાસે જાય છે અને નમસ્કાર કરે છે. તાપસપતિ સુવલ્ગુ પણ ધ્યાન પૂરું કરી રાજાને આશીર્વાદ આપે છે. જટા ધારણ કરનાર અને વલ્કલ=વૃક્ષની છાલના વસ્ત્રો પહેરનાર તે તાપસ રાજાને ધર્મ સંભળાવે છે.


'હે રાજન ! આ સંસાર સાગર મહાભયંકર છે. એમા જન્મ-જરા-મરણના દુ:ખો ભરપૂર છે. કામ-ક્રોધ-લોભ-વિષયોમાં સંસારી પ્રાણીઓ ડૂબી રહ્યા છે. એમાંથી નીકળવું તેમના માટે ઘણું મુશ્કેલ છે. હે રાજન ! શસ્ત્રનું યુદ્ધ તો દૂર રહ્યું પણ નીતિકારો તો પુષ્પથી પણ લડાઇ કરવાની મનાઇ કરે છે. કારણ કે યુદ્ધમાં એકનો વિજય અને બાકીના અનેક માણસોનો વિનાશ ચોક્કસ જ છે. એટલે રાજ્ય આરંભ-સમારંભ અને દુર્ધ્યાનથી નરકને અપાવનારું છે. પૃથ્વીના એક ટુકડાના લોભે ભાઇ-આદિ સ્વજનોનો પણ વિનાશ કરાવનારું છે. શ્રી આદિનાથ ભગવાનના પૌત્રો થઇને તમે બન્ને યુદ્ધ કરો છો તે તમને શોભતું નથી.' આમ સુંદર શિખામણ આપતા તાપસ કંઇક ગળગળા થઇ ગયા.



તાપસનાં દર્દભર્યા અને માર્મિક વચનો સાંભળીને દ્રાવિડ કહે છે કે પૂર્વે ભરત અને બાહુબલીએ પણ યુધ્ધ તો કરેલું જ ને ? તો અમારો શો દોષ ? તાપસ બોલ્યા, ‘પૂર્વના ભવમાં ભરતે સાધુઓને દાન આપવાથી ચક્રવર્તીનું પુણ્ય ઉપાર્જન કરેલું અને બાહુબલીએ સાધુઓની કરેલી વૈયાવચ્ચના યોગે મહાપરાક્રમનું પુણ્ય ઉપાર્જન કરેલું. પુણ્યના ઉદયના નશામાં બન્નેએ યુદ્ધ શરૂ કર્યું પણ દેવોના સમજાવવાથી બન્ને માન-અહંકાર ત્યજીને યુદ્ધથી પાછા હઠ્યા હતા તે ભૂલવું ન જોઇએ.’

તાપસની વાતથી દ્રાવિડે શરમીંદા બની ભૂલ કબૂલ કરી અને તાપસનો ઉપકાર માનતા કહે કે તમે મને નરકમાં જતો બચાવી લીધો. પોતાના નાના ભાઇને જાતે ખમાવવા જવાનો નિર્ણય કર્યો અને પગપાળા શસ્ત્રરહિત નાનાભાઇની છાવણી તરફ પગ માંડયા. મોટા-ભાઇને આવતા જોઇને વારિખિલ સામે જઇને તેમને ખમાવતા રડી પડ્યો. બન્ને એક બીજાને પરસ્પરના રાજ્યો સંભાળવા કહેતા બન્ને ના પાડે છે. પાપો ખમાવતાં દીક્ષા લેવાનું નક્કી કરી પોતાના પુત્રોને રાજ્યો સોંપી ૧૦ (કરોડ) પુરુષો સાથે તે તાપસ પાસે તાપસવ્રત સ્વીકારે છે.

દ્રાવિડ આદિ તાપસો ગંગાના જલથી સ્નાન કરતા, કંદ-મૂલાદિ અભક્ષ્યનું ભક્ષણ કરતા, અલ્પ કષાયવાળા,




અલ્પ નિદ્રાવાળા અને જપમાળા વડે શ્રી આદિનાથ ભગવાનનું સ્મરણ કરતા હતા. આ રીતે લાખો વર્ષો વીતી ગયા. તત્ત્વજ્ઞાનના અભાવવાળા હોવાથી તાપસો મોહગર્ભિત અને અજ્ઞાનગર્ભિત, વૈરાગ્યવાળા કહેવાય છે.

એક વખત નમિ અને વિનમિ વિદ્યાધર મુનિવરોના બે શિષ્યો આકાશ માર્ગે ત્યાં પધાર્યા. દ્રાવિડ-વારિખિલ આદિ તાપસોએ વંદના કરી પૂછ્યું કે આપ ક્યાં પધારો છો ? ત્યારે જણાવતા કહે છે કે અમે શ્રી પુંડરીકગિરિ ઉપર જાત્રા કરવા જઇએ છે અને તેનો મહિમા સમજાવે છે.

આ તીર્થના પ્રભાવથી અનંતા પુણ્યાત્માઓ મોક્ષમાં ગયા છે અને ભવિષ્યમાં શુદ્ધ ચારિત્રધરો પણ મોક્ષે જશે. તેના મહિમાનો કોઇ પાર નથી. આ તીર્થાધિરાજ ઉપરથી.

૧) બે કરોડ મુનિઓ સાથે નમિ-વિનમિ વિદ્યાધર મુનિવરો ફાગણ સુદ દશમના મોક્ષમાં જશે.
૨) પુંડરીકસ્વામી પણ પાંચ કરોડ સાથે મોક્ષમાં પધારશે. ૩) શ્રી રામચંદ્રજી ત્રણ કરોડ મુનિવરો સાથે,
૪) શ્રી નારદજી મુનિવર ૯૧ લાખ મુનિવરો સાથે, ૫) શાંબ-પ્રદ્યુમ્ન મુનિવરો સાડા આઠ કરોડ મુનિવરો સાથે,
૬) શ્રી પાંડવો વીસ કરોડની સાથે, ૭) શ્રી થાવચ્ચા પુત્ર અને ૮) શુક મુનિવર એક હજાર સાથે,





૯) શ્રી શેલક રાજર્ષિ પાંચસો સાધુઓની સાથે તેમજ શ્રી આદિનાથ ભગવાનના શાસનમાં અસંખ્યાત કોટિ સાધુ મુનિવરો, આમ અસંખ્યાત જીવો આ તીર્થ પરથી મોક્ષમાં ભવિષ્યમાં પધારશે...

આ મહાતીર્થનો મહિમા કેવળજ્ઞાનીઓ પણ બોલવાને સમર્થ નથી. તીર્થાધિરાજનો આવો મહિમા સાંભળીને બધા તાપસો એ બે મુનિઓની સાથે તીર્થયાત્રા કરવા ઉત્સાહિત થઇને પગે ચાલીને જાય છે. વિધિ સહિત યાત્રા કરવા માટે છ'રી પાળવી વધુ જરૂરી છે. જેનાથી તીર્થયાત્રાનું ફળ મળીને જ રહે છે. તે છ'રી નીચે મુજબ છે.

૧) સમ્યક્ત્વધારી - શ્રી વીતરાગ પરમાત્મા, સુસાધુ અને શ્રી કેવલી ભગવંતે કહેલા તત્ત્વો પર શ્રદ્ધા રાખવી.
૨) પાદચારી - ગુરુનો સુયોગ હોય તો ગુરુ સાથે પગે ચાલીને જોડા, પગરખાનો ત્યાગ કરી યાત્રા કરવી.
૩) સચિત્તપરિહારી - યાત્રાળુઓએ સચિત્ત (જીવ સહિતની) વસ્તુનો ત્યાગ કરવો જોઇએ.
૪) એકાસણકારી - શક્ય હોય ત્યારે ઓછામાં ઓછું એકાસણાનો તપ કરવો જોઇએ.
૫) બ્રહ્મચારી - બ્રહ્મચર્યનું પાલન, વિષય-કષાયનો ત્યાગ કરવો જોઇએ.
૬) ભૂમિશયનકારી - ભૂમિ પર શયન કરવું જોઇએ.

યાત્રા સાચી ત્યારે જ કહેવાય છે કે જેમાં આત્મકલ્યાણનો હેતુ (ભાવ) હોય અને એના માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય તેવી ભાવના હોવી જોઇએ. વિદ્યાધર મુનિઓની પાસેથી સાંભળેલી દેશનાથી તીર્થાધિરાજની જાત્રાએ જતા તાપસોએ મિથ્યાત્વનો ત્યાગ કરી લોચ કરીને સાધુધર્મનો સ્વીકાર કર્યો.

શ્રી વિમલાચલ પર્વતને જોઇને તે મુનિવરો ખૂબ જ હર્ષ પામ્યા. ભરત મહારાજાએ કરાવેલ દેરાસરોમાં યુગાદિદેવ અને અન્ય જિનેશ્વરોને વંદન કર્યા. બન્ને વિદ્યાધરોએ મુનિવરોને કહ્યું કે અનંતાભવમાં બાંધેલા પાપકર્મો આ શ્રી તીર્થરાજની સેવાથી દૂર થશે માટે ઉદ્યત બની સંયમ અને તપની આરાધનામાં જોડાયેલા રહેજો. આમ કહી બન્ને વિદ્યાધરો ત્યાંથી વિહાર કરી ગયા.

શ્રી ભરત મહારાજાના નિર્વાણ બાદ પૂર્વકોટિવર્ષ ગયા બાદ શ્રી દ્રાવિડ-વારિખિલાદિ દશ કોટિ મુનિવરોની સાથે તપ કરીને કેવલજ્ઞાન પામ્યા તથા કાર્તિક પૂનમના દિવસે પરમ પદને પામ્યા. તેમના પુત્રોએ તેઓના નિર્વાણ સ્થાને પ્રાસાદો કરાવ્યા. કાર્તિક પૂનમ અને ચૈત્રી પૂનમે જે શ્રી સંઘ સાથે યાત્રા કરે અને દાન-તપ કરે તે શિવસુખ પામે છે તેવો મહિમા ફેલાયો છે. માટે જો શક્તિ હોય તો શત્રુંજય તીર્થની સંઘ સાથે યાત્રા કરવી અને કરાવવી જોઇએ જેમાં અનેક પુણ્યાત્માઓ આત્મકલ્યાણ પામી જાય છે.

ટૂંકમાં યાત્રા કરવાનો હેતુ (લક્ષ્ય, ધ્યેય) મોક્ષપ્રાપ્તિનો છે. બીજા પુણ્યના ઉદયો તો સાહજિક મળી જ જવાના છે...ચાલો આવા મંગલમય દિવસોની ઉજવણી ભાવપૂર્વક કરીએ...



# પોષ દશમી પર્વ

ચંપાનગરીમાં પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. ત્યાં એક દિવસ ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ભગવાન પધાર્યા. તેમના આવવાના સમાચાર વનપાલકે શ્રેણિકરાજાને આપ્યા. રાજા ખુશ થઇને પ્રભુ પધાર્યાની વધામણી આપનાર સેવકને પોતાના અંગ પરના મુગટ સિવાયના બધા ઘરેણા આપી દે છે. ત્યાર બાદ શ્રેણિક રાજા પોતાના પરિવાર સાથે મહાઆડંબરથી પ્રભુ પાસે આવી વંદન કરી પ્રભુ સન્મુખ બેસે છે.


સંસારનો જેમણે નાશ કર્યો છે એવા શ્રી મહાવીર પ્રભુએ ચાર ગતિમાં પડેલા-ભટકતા જીવોના ઉધ્ધાર માટે ઉપદેશ આપતા કહ્યું, કે "આ સંસારમાં ભલે કોઇ જીવ ચક્રવર્તીની પદવી ભોગવતો હોય પણ જિનધર્મથી વિમુખ હોય તો તેનો મોક્ષ થતો નથી અને કોઇ જીવ સાવ દરિદ્રી હોય, પણ જિનધર્મ પ્રત્યે રાગી હોય, તો તે મોક્ષપદને પામે છે. માટે આ સંસારમાં જીવને જિનધર્મની સામગ્રી મળવી-પામવી મહાદુર્લભ છે. તેમાં પણ વળી દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મના ચાર અંગ મળવા પણ ઘણા કઠિન છે. જો જીવ પાપ કરે તો નરકમાં જાય તેમાં પણ *દેવદ્રવ્યની ચોરી તથા પરસ્ત્રીગમન કરનારા તો સાતમી નરકમાં સાત વખત જાય છે. દેવદ્રવ્ય એટલે ભગવાન પાસે સમર્પણની બુદ્ધિથી ધરાવેલી એટલે દેરાસરમાં ભગવાન પાસે મૂકેલ ફળ, અનાજ, ધન વગેરે વસ્તુ. આ દેવદ્રવ્યની સામગ્રી જૈન શ્રાવક-શ્રાવિકા વાપરે તો દેવદ્રવ્ય વાપરવાનો મહાદોષ લાગે. તે જીવ બહુ દુ:ખ પામે અને ઘણા ભવો સંસારમાં ભટકવું પડે."*

વળી પ્રભુ કહે છે કે હે ગૌતમ ! ભૂતકાળમાં અનંતા જીવો પૂર્વધર હોવા છતાં પણ નિગોદમાં ગયેલા છે.

ગૌતમસ્વામીજીએ પાછુ પૂછ્યું, કે પૂર્વધર છતાં નિગોદમાં કેવી રીતે જાય ? ત્યારે પ્રભુ કહે છે, કે "પ્રમાદના કારણે એટલે કે એક ક્ષણ પણ શુભ પ્રવૃત્તિ કે સ્વાધ્યાય વગરનો હોય તેનાથી જીવ આળસમાં સપડાઇ જાય છે એટલે પ્રમાદ વધતાં શુભમાંથી અશુભમાં જતાં તે નિગોદમાં જતો રહે છે." ફરી પાછા ગૌતમસ્વામીજી વીરપ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કરી પૂછવા લાગ્યા કે પ્રભુ પોષદશમીનું મહત્વ શું છે તે સમજાવો. પ્રભુએ પોષ દશમીનું મહત્ત્વ સમજાવતા કહ્યું, કે "પોષ દશમના દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જન્મ થયો છે એટલે એ પાર્શ્વજિન જન્મ કલ્યાણક તરીકે ઉજવાય છે. આ દિવસે જિનમંદિરમાં જઇ અષ્ટ પ્રકારે અથવા સત્તર પ્રકારે પૂજા ભણાવવી, સ્નાત્ર મહોત્સવ કરવો. આ ઉપરાંત નવ અંગે આડંબર સહિત પૂજા કરી ગુરુ પાસે આવી વ્યાખ્યાન-ધર્મનું શ્રવણ કરવું. એ દિવસે એકલઠાણુ એટલે ઠામ ચઉવિહાર એકાસણાનું પચ્ચક્ખાણ કરવું. એકાસણું કરીને પાણી પણ ખોરાક સાથે જરૂર પૂરતું વાપરી લેવું અને ચઉવિહારનું પચ્ચક્ખાણ લઇ લેવું. આખો દિવસ પાણી-ખોરાક બંધ કરી દેવાના એટલે ઠામ ચઉવિહાર કહેવાય. બીજા દિવસે એકાસણુ ઠામ ચઉવિહાર પચ્ચક્ખાણ કરવું. ત્રીજા દિવસે પણ એકાસણુ તિવિહાર પચ્ચક્ખાણ કરી કરવુ. આમ પોષ વદમાં ૯-૧૦-૧૧ આ ત્રણ તિથિએ ૧૦ વર્ષ સુધી તપ કરવો. શક્ય હોય તો આ ત્રણ દિવસ બ્રહ્મચર્ય પાળવું. આ પ્રમાણે કરવાથી જીવની મનોકામના સિધ્ધ થાય છે તથા સમાધિમરણથી પરલોકમાં ૯-૧૦-૧૧ ઇંદ્રાદિ પદ પ્રાપ્ત કરી અંતે મોક્ષને પામે છે."

પ્રભુએ પોષ દશમીની વિધિ બતાવી પછી ગૌતમસ્વામીજીએ પૂછ્યું કે પ્રભુ આ તપ કોણે કર્યો હતો ? અને તેને શું ફળ મળ્યું ? પ્રભુએ ગૌતમસ્વામીજીને કહ્યું ! હે ગૌતમ સાંભળો...વામાનંદન શ્રી પાર્શ્વનાથ તીર્થંકરનો સમય અને મારા શાસનની વચ્ચેના સમયમાં (આંતરામાં) સુરદત્ત નામના શ્રેષ્ઠિએ આ વ્રત આરાધ્યુ હતુ.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુરેન્દ્રપુર નામનું નગર હતું. આ નગરમાં નરસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને શીલ ધરનારી પતિવ્રત ધર્મવાળી ગુણસુંદરી નામની રાણી હતી. આ નગરમાં મહા ધનવાન, તેજસ્વી, યશવાળો, પ્રતાપી એવો સુરદત્ત નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેને શીલવતી નામની શીલથી યુક્ત સ્ત્રી હતી.



સુરદત્ત શ્રેષ્ઠી મિથ્યાત્વથી રંગાયેલો હતો. તેથી તે સંન્યાસી ભક્તોએ અંગીકાર (ગ્રહણ-સ્વીકારેલ) કરેલ શિવધર્મને રાત-દિવસ ભજવામાં માનતો હતો. એટલે તે શ્રેષ્ઠી જૈન શાસન, જિન પ્રવચન, સુદેવ, સુગુરુ, સુધર્મ, કુદેવ, કુગુરુ, કુધર્મ, કે કર્મ-અકર્મ વિષે કાંઇ જ જાણતો ન'તો. જીવ-અજીવ કે આત્મા-શરીર જુદા છે કે એક છે એ પણ જાણતો ન હતો. આખો દિવસ મિથ્યાધર્મ આચરતો હતો.

એક વખત એવું બન્યું કે સુરદત્ત વેપાર કરવા માટે કરિયાણાના સવા બસો વહાણો ભરીને રત્નદ્વીપ બાજુ ગયો. ત્યાં જઇ બધા વહાણોનું કરીયાણુ વેચાઇ ગયું એટલે ત્યાંથી બીજા નવા કરીયાણા ભરી પોતાના ગામ તરફ પાછો જવા નીકળ્યો. પણ કર્મના ઉદયે દૈવયોગથી પવનના જોરે કરી વહાણો આડા રસ્તે ચાલવા લાગ્યા. પોતાના ગામના રસ્તાથી જુદા રસ્તે દૂર કાલકૂટ દ્વીપ પર પહોંચ્યા. ત્યાંથી આગળ જવાનો રસ્તો ન મળતા તેને તે દ્વીપ પર જ રોકાઇ જવું પડ્યુ. કરિયાણું જે રત્નદ્વીપથી ભર્યું હતું તે વહાણો ત્યાં જ રાખી તેમાંથી તે કરિયાણાના પાંચસો ગાડાં ભરી પગ રસ્તે હિંમત રાખી ચાલવા લાગ્યો. રાત પડવા આવી, અંધારું થઇ ગયું. રસ્તામાં ચોરોની ટોળીએ કરિયાણા ભરેલા ગાડા બધા લૂંટી લીધા. સુરદત્ત પાસેથી બધું ધન-દાગીના પણ લૂંટી લીધા. રખડતો રખડતો કેટલાક સમય પછી તે પોતાના ઘરે ખાલી હાથે પાછો આવ્યો. કર્મ જ્યારે અવળા પડે છે ત્યારે કોઇ બચાવી શકતું નથી...

સુરદત્તે પોતાના ઘરના ભંડારમાં ૧૧ કરોડ સોનામહારો કમાઇ કમાઇને ભરી હતી. પણ તે'ય કર્મે ખાલી-અદશ્ય થઇ ગઇ. ધનવાન હતો તેના લીધે પહેલા નગરમાં શ્રેષ્ઠીપદ મળેલુ, નિર્ધન થતા તે પદ પણ ચાલ્યું ગયું. આ બધું કર્મના ઉદયે થયું. તે બહુ દુઃખી થઇ ગયો અને કલ્પાંત કરતા વિચારવા લાગ્યો કે ધન જવાથી માન-આબરૂ જતા રહ્યા. કોઇનો કોપ ઉતર્યો છે કે શું ? આમ ને આમ વિલાપ કરતાં કરતાં દિવસો પસાર કરવા લાગ્યા.

એક દિવસ તેના સુરેન્દ્રપુર નગરના ઉપવનમાં જયઘોષ નામના મોટા આચાર્ય પધાર્યા. તે સમાચાર નરસિંહ રાજાને વનપાલે આપ્યા. રાજા પોતાની ચતુરંગી સેનાના પરિવાર સાથે ગુરુ વંદન માટે ઉપવનમાં ગયા. સુરદત્ત પણ રાજા સાથે આવ્યો હતો. આચાર્ય મહારાજ ધર્મદેશના આપતા






હતા, કે "ધર્મનું મૂળ જીવદયા છે માટે દયા પાળવી જોઇએ. સત્ય વચન બોલવું, કારણ કે સત્ય એ ધર્મનું મૂળ છે. હિંસા સર્વ દુઃખનું મૂળ છે માટે ધર્મ જ સંસારથી ભય પામતા જીવને શરણરૂપ તથા સ્થાનભૂત છે.

સુરદત્ત શ્રેષ્ઠિએ આચાર્યને પૂછ્યું કે જીવનું લક્ષણ ક્યું ? ત્યારે આચાર્યએ જણાવ્યું કે જ્ઞાન અને ઉપયોગ જીવનું લક્ષણ છે વળી જીવ બે પ્રકારના છે. એમાં સંસારમાં પરિભ્રમણ કરે તે સંસારી જીવ, અને સંસારમાં જેનું ભ્રમણ અટકી ગયું છે તે સિદ્ધના જીવ.

ધર્મ જ સારા કુળમાં જન્મ, વિપુલ યશ, ધન, સુખ, રૂપ તેમજ સ્વર્ગ તથા મોક્ષ આપનારો છે. માટે



ધર્મ માર્ગની આરાધના વિનાનો જે મનુષ્ય છે તે તિર્યંચ સમાન જાણવો. આવો ગુરુમુખે ઉપદેશ સાંભળી સુરદત્ત શ્રેષ્ઠી ધર્મને પામ્યો. તેમજ જીવાજીવાદિ નવ પદાર્થ યુક્ત સમ્યક્ત્વરત્નને પામ્યો. સુરદત્ત ગુરુને પૂછે છે કે હું એવો ક્યો ધર્મ કરું તો મારા ઘરમાં રાખેલું અને બહારથી કમાઇને મેળવેલું જે ધન જતું રહ્યું છે તે પાછું મળે ? ત્યારે ગુરુએ પોષદશમીના દિવસે ભગવાન શ્રી પાર્શ્વનાથના જન્મકલ્યાણકનો મહોત્સવ છે માટે તે જ પોષદશમીનું વ્રત તમે કરો જેનાથી તમારી સર્વ સંપત્તિ પાછી ઉપલબ્ધ થશે.

પોષ વદ નવમીના દિવસે ગરમ કરેલું સાકરનું પાણી વાપરી ઠામ ચઉવિહાર કરી એકાસણું વ્રત કરવું. દશમના દિવસે પણ ખીર વાપરી ઠામ ચઉવિહાર કરી એકાસણું કરવું તેમજ એકાદશીના દિવસે ભરે ભાણે એકાસણું કરી તિવિહારનું પચ્ચક્ખાણ કરવું. આ ત્રણે દિવસમાં થઇ બે હજારનું ગણણુ "શ્રી પાર્શ્વનાથ અર્હતે નમઃ" મંત્રનું ગણવું. પારણાના દિવસે સ્વામીવાત્સલ્ય કરવું. સુરદત્ત શ્રેષ્ઠીએ ગુરુ પાસે વ્રત ગ્રહણ કર્યું. અને ગુરુએ બીજા સ્થળે વિહાર કર્યો.



શેઠે વ્રત દશ વર્ષ સુધી કર્યુ અને જેવું પૂર્ણ થયું તેવું વ્રતના મહિમાએ શેઠના સવા બસો વહાણો જે કાલકૂટ બેટમાં રોકાઇ ગયા હતા તે અનુકૂળ પવનના યોગે કરી પોતાની જાતે જ શેઠના ગામ પાછા આવી ગયા. વહાણના ખલાસીઓએ આવીને શેઠને સમાચાર આપ્યા અને ઘરના ભંડારમાંનું ધન જતું રહ્યું હતું તે પણ પાછું ઉત્પન્ન થયું. તેથી તેમનો ભંડાર ભરાઇ ગયો. બન્ને-શેઠ-શેઠાણી આ જોઇને ખૂબ ખુશ થઇ ગયા અને કહેવા લાગ્યા કે આ બધો પ્રતાપ પોષ દશમીના વ્રતનો જ છે. જૈન શાસનનો મહિમા અપરંપાર છે. શેઠ કહેવા લાગ્યા કે મેં ઘણા ધર્મોના વ્રતો કર્યા પણ જૈનશાસન તો પ્રગટ પ્રભાવવાળું છે. ધર્મમાં જૈનધર્મ જેવો બીજો કોઇ પણ ધર્મ આલોક પરલોકમાં સુખદાયક નથી.

પાર્શ્વનાથ પ્રભુની કૃપા તથા ગુરુની આજ્ઞા અને જૈન ધર્મના પ્રભાવથી જ હું ધનવાન થયો છું એવું શેઠ બધાને કહેવા લાગ્યા અને બધાને જૈન ધર્મ અંગીકાર કરવા જણાવ્યું. નિર્ધનપણાના લીધે ગયેલું શ્રેષ્ઠી પદ પણ પાછુ મળી ગયું. આમ તે દિવસો-સમય પસાર કરતો હતો. એવામાં એક દિવસ ગામના ઉપવનમાં સુખેન્દ્રસૂરિ પધાર્યા. તેની વધામણી વનપાલકે રાજાને આપી ત્યારે રાજા સાથે શેઠ પણ મોટા આડંબર સહિત ઉપવનમાં જઇ વંદન કરી યથાસ્થાને બેસે છે. આચાર્ય મહારાજ દેશના આપે છે. દેશના સાંભળી શ્રેષ્ઠીનું મન સંયમ લેવા તત્પર થયું. ઘરે જઇ પુત્રને બધો ગૃહભાર સોંપીને કહ્યું-તું પોષદશમીની આરાધના કરજે. ઉજમણામાં દશ પૂંઠા, દશ રૂમાલ (પુસ્તક બાંધવાના), દશ નવકારવાળી, દશ નીલમણિ, દશ ચંદરવા, સોનુ-રૂપું-કાંસું અને પીત્તળ એ ચાર ધાતુની દશ-દશ જિનપ્રતિમાઓ વગેરે જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણો મુકજે.

સુરદત્ત શ્રેષ્ઠીએ સુખેન્દ્રસૂરિ આચાર્ય પાસે ધામધૂમથી દીક્ષા ગ્રહણ કરી. પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ મળીને આઠ પ્રવચન માતાને પાળી સત્તર ભેદથી સંયમની આરાધના કરી. બાર પ્રકારે તપ કરી માસક્ષમણાદિક કરીને સંલેષણાપૂર્વક મરણ પામી પ્રાણત દેવલોકમાં વીશ સાગરોપમ આયુષ્યવાળા દેવ થયા. ત્યાં દેવતાઇ ઘણા સુખો ભોગવી આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયની મંગલાવતી નગરીમાં સિંહસેન રાજાની ગુણસુંદરી નામની સ્ત્રીની કુખે પુત્રપણે



જન્મ્યા. પૂર્વની આરાધનાથી રૂપવાન અને તેજસ્વી બન્યો. તેનું નામ જયસેન પાડ્યું. યૌવનાવસ્થા પામ્યો ત્યારે પિતાએ શીલવતી નામે રાજકન્યા સાથે પાણિગ્રહણ કરાવ્યું. વિષયસુખ પૂર્ણ રીતે ભોગવી વૈરાગ્ય પામી ઉત્તમ ગુરુ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું.

ચારિત્ર લઇ ઉત્તમ જ્ઞાન મેળવી ગુરુથી જુદા એકલા વિહાર કરવા પોતાના ગામના ઉપવનમાં જઇ કાયોત્સર્ગે ઉભા રહ્યા. ત્યાં વનદેવતા તેમની કસોટી કરવા તેમને ડરાવવા લાગ્યા. દેવે જુદા જુદા નોળિયા વિંછી, હાથી, સિંહ, વાઘ વગેરે રૂપો કરી ઘણા ઉપસર્ગો કર્યા. પણ જયસેન મુનિ ડર્યા વગર બધા ઉપસર્ગો સહન કરી શુકલધ્યાનથી કેવલજ્ઞાન પામ્યા. (શુભ) ચાર નિકાયના દેવતાઓએ તેમના કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો અને જે દેવ ઉપસર્ગ કરતો હતો તે પ્રતિબોધ પામીને સમ્યક્ત્વને પામ્યો અને મુનિ મોક્ષે પધાર્યા.

જયસેન મુનિની પત્ની શીલવતીએ પણ ચારિત્ર લીધું અને પંચમહાવ્રતનું પાલન કરતાં એક વખત કાઉસગ્ગમાં હતા ત્યારે એક મિથ્યાત્વી વનદેવે એકવીશ દિવસ સુધી ઘણા જુદા જુદા ઉપસર્ગો કર્યા. પણ તે ચલાયમાન ન થતાં દેવ શીલવતીથી બોધ પામીને પાછા દેવલોક જતા રહ્યા. બોધ પામેલો તે દેવ ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિધ્ધિ પામશે. શીલવતી સાધ્વીજી પણ કેવલજ્ઞાન પામી મુક્તિપદ પામ્યા.

આવી રીતે પ્રભુ મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીજીને પોષદશમીની કથા કહી. તો ચાલો આપણે પણ ઉલ્લાસથી આ આરાધના કરીએ.

# મેરૂ તેરસ પર્વ

શ્રી ઋષભસ્વામી પછી પચાસ લાખ કોડાકોડી સાગરોપમને આંતરે (પછી) શ્રી અજિતનાથ તીર્થંકર થયા. તે બન્ને પરમાત્માના સમય વચ્ચે શ્રી અયોધ્યા નગરીના ઇક્ષ્વાકુ વંશમાં કાશ્યપગોત્રીય અનંતવીર્ય નામે રાજા થયો, તેની પાસે ઘણી ઋધ્ધિ હતી. તેમજ પાંચસો રાજા તેની સેવામાં તથા આજ્ઞામાં હતા. તે ઘણો બળવાન પણ હતો. તેની પાંચસો રાણીઓ હતી. મુખ્ય પ્રિયમતી નામની રાણી પટ્ટરાણી હતી. ધનંજય નામે મહાચતુર પ્રધાન હતો.

બધી રીતે રાજા સુખી હતો પણ તેને એકપણ પુત્ર ન હતો. રાજ્યને ભોગવનાર કોઇ નથી તેનું તેને દુઃખ હતું. પુત્રપ્રાપ્તિ માટે ઘણા ઉપાયો કર્યા પણ પુત્રપ્રાપ્તિ ન થઇ. એક વખત એક કોણિક નામના સાધુ રાણીને ત્યાં આહાર વ્હોરવા આવ્યા. રાજા-રાણીએ સાધુ મ.સા.ને ખૂબ ભાવથી વિધિપૂર્વક વંદન કરી શુદ્ધ આહાર વહોરાવ્યો. પછી પોતાને સંતાન થશે કે નહીં થાય તેવું પૂછે છે. આ બાબતનો ઉત્તર આપવો એ સાધુનો ધર્મ નથી તેવું સાધુ મ.સા. એ કહ્યું પણ ઘણી વખત આજીજીપૂર્વક પ્રશ્ન પૂછતા સાધુના મનમાં કરુણા ઉપજી અને કહ્યું કે તમારે પુત્ર થશે પણ પાંગળો થશે. રાજા-રાણીને આ સાંભળીને દુઃખ થયું પણ પુત્ર થશે તેનો આનંદ પણ થયો.

સમય જતાં રાણીને ગર્ભ રહ્યો. નવ મહિના પૂર્ણ થયે પુત્રનો જન્મ થયો. રાજાને વધામણી મળતા ખુશ થઇ ગયો. રાજાએ મોટો જન્મમહોત્સવ કર્યો. પુત્રનું નામ પિંગલ પાડ્યુ. બારમા દિવસે કુટુંબને જમાડ્યા, પણ પુત્રને અંતઃપુરમાંથી બહાર જ ન કાઢે. બધા પૂછે તો કહે કે ખૂબ રૂપવાળો છે તેથી તેને કોઇની નજર ન લાગે માટે બહાર નથી લાવતા. આ વાત આખા નગરમાં પ્રસરી ગઇ.

હવે આ જ સમયમાં અયોધ્યા નગરીથી સવાસો યોજન દૂર મલય નામે દેશ હતો. તેમાં બ્રહ્મપુર નામનું નગર હતું. તેમાં ઇક્ષ્વાકુવંશના કાશ્યપ ગોત્રના સત્યરથ નામના રાજા હતા, તેની ઇંદુમતી નામની પટ્ટરાણીની ગુણસુંદરી નામની અધિક રૂપવાન પુત્રી હતી. આ રાજાને પુત્ર નથી, માત્ર એક પુત્રી જ હતી તેથી તેને સ્ત્રીની ચોસઠ કલામાં પારંગત બનાવી. યુવાવસ્થામાં પુત્રીને યોગ્ય વર શોધવા લાગ્યા.



એ વખતે પોતાના નગરના વેપારીઓ ગાડાંઓ ભરી જુદા જુદા કરિયાણા ભરીને વેપાર કરવા દેશાંતરે જતા હતા. સમયના પારખુ રાજાએ તે વેપારીઓને પોતાની કુમારી માટે યોગ્ય વર શોધવા કહ્યું. જો સારું સ્થાન હોય તો સગપણ કરી લેવાની પણ છૂટ આપી. વેપારીઓએ રાજાની વાત સ્વીકારીને દેશાંતર માટે નીકળ્યા. ફરતા ફરતા અયોધ્યા નગરીમાં આવ્યા. બધું કરિયાણુ વેચી પોતાના દેશમાં ચાલે તેવું બીજું નવું કરિયાણું ભરી નીકળવા લાગ્યા. તે જ વખતે અયોધ્યાવાસીના મુખેથી રાજાના કુમારનું રૂપ અદ્‌ભુત છે એવું સાંભળીને રાજા પાસે પહોંચે છે. રાજાને પગે લાગી પિંગલકુમાર સાથે ગુણસુંદરીની સગાઇ નક્કી કરી. અનંતવીર્ય રાજાએ વેપારીઓનો આદર સન્માન કર્યો. તેમનું દેવું તથા રાજ્યનો કર માફ કર્યા. વેપારીઓ ખુશ થઇ પોતાના નગરે પાછા ફર્યા.

પાછા ફરીને તે વેપારીઓએ પોતાના રાજાને સર્વ વાત કરી. રાજા પણ કુમારના રૂપના વખાણ સાંભળી ખુશ થયા અને પુત્રીની સગાઇ થવાથી ખુશ થયા. હવે જ્યારે લગ્ન લેવાના હતા તેના થોડા સમય પહેલા રાજાએ પિંગલકુમારને પોતાના રાજ્યમાં બોલાવવા સેવકોને અયોધ્યા મોકલ્યા. અયોધ્યાના અનંતવીર્ય રાજાને વિનંતી કરી કે કુમારને લગ્ન કરવા માટે મોકલો. હવે રાજા આ વાત સાંભળી ખૂબ ઉદાસ બની ગયો. રાજાએ મહેલમાં જઇ પોતાના પ્રધાનને એકાંત સ્થાને બોલાવી સર્વ વાત કરી. પ્રધાને વિચાર કરી તેડવા આવેલા સેવકોને કહ્યું કે હાલમાં કુમાર અહીં હાજર નથી. તે અહીંથી બસો યોજન દૂર મુહગ્ગીપટણ નામના નગરમાં તેમના મોસાળમાં છે માટે હમણાં લગ્ન થવા શક્ય નથી. જ્યારે એ પાછા આવશે ત્યારે તમને કહેવડાવીશું અને મોકલશું.

સેવકો કહે, 'હે સ્વામિન ! અમારું શહેર અહીંથી ઘણું દૂર છે. આ કારણથી વારંવાર અહીં આવવાનું નહીં ફાવે, તો તમે લગ્નનો દિવસ નક્કી કરીને કહેજો. વળી ત્યારે તમે સૌ પણ વહેલા પધારજો.' આ સાંભળીને પ્રધાને સેવકોને કહી દીધું કે આજથી સોલમા મહિને અમે લગ્ન કરવા આવશું. સેવકોએ પોતાના દેશ જઇ રાજાને સર્વ વાત કરી.

આ બાજુ અનંતવીર્ય રાજાને ચિંતા થવા લાગી કે સોલ મહિના તો સ્હેજમાં પૂરા થઇ જશે, પછી શું કરશું ? માટે ઉપાય શોધવા લાગ્યા. એ સમયે જ વનપાલકે અનંતવીર્ય રાજાને વધામણી આપી કે




આપણા નગરના ઉદ્યાનમાં પાંચસો સાધુના પરિવાર સાથે ચાર જ્ઞાનના ધણી એવા ગાંગિલઆચાર્ય પધાર્યા છે. રાજાએ પણ હર્ષ પામી વનપાલકને વધામણીમાં ઘણું દ્રવ્ય આપ્યું. પરિવાર સાથે ઋધ્ધિ સહિત આચાર્યને વંદન કરવા ઉદ્યાનમાં ગયા. અને વંદન કરી ધર્મોપદેશ સાંભળવા બેઠા.

ગાંગિલ આચાર્યએ ઉપદેશ આપતા કહ્યું કે, ''ધર્મનું મૂળ દયા છે અને પાપનું મૂળ હિંસા છે. જે પોતે જીવહિંસા કરે, બીજા પાસે કરાવે તથા જે હિંસા કરતો હોય તેના વખાણ કરે એ ત્રણે જણા એક સરખું ફળ ભોગવે છે. વળી જે પાપ કરે છે તેના મનમાં કોઇ બીક ન હોય તો તેના હૃદયમાં દયા નથી. એટલે જે નિર્દયી છે તે ઘણા એકેન્દ્રિય જીવોનો નાશ કરી પરભવમાં પીત્ત, શ્લેષ્મ વગેરે અનેક રોગનો ભોગવનારો થાય છે. જે જીવ બેઇંદ્રિય જીવોનો નાશ કરે તે જીવ પરભવમાં મુંગો, મુખરોગો તથા દુર્ગંધી નિવાસવાળો થાય. જે જીવ તેઇંન્દ્રિય જીવોનો વિનાશ કરે તે જીવને પરભવમાં નાસિકા રોગ થાય. જે જીવ ચઉરિંદ્રિયનો નાશ કરે તે પરભવમાં કાંણો, આંધળો, મુંગો વગેરે તથા આંખ સંબંધી અનેક પ્રકારના રોગો ભોગવનાર થાય છે, તથા જે જીવ પંચેન્દ્રિય જીવની હિંસા કરે છે તે જીવ બીજા ભવમાં પાંચેય ઇન્દ્રિયનું રોગીપણું પામે છે. માટે હે ભવ્ય જીવો ! હિંસાનો અને જૂઠું બોલવાનો ત્યાગ કરી સત્ય વચન બોલો.''

ગુરુની દેશના સાંભળી અનંતવીર્ય રાજાએ પોતાના પુત્રએ એવા ક્યા કર્મો કર્યા હશે તો આવું પાંગળાપણું પામ્યો, તે માટે ગુરુને પૂછ્યું. ગાંગિલઆચાર્યએ પિંગલનો પૂર્વભવ જણાવતાં કહ્યું કે, રાજન્ ! આ જંબૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં અચલપુર નામના નગરમાં મહેન્દ્રધ્વજ નામે રાજા હતો. તેની ઉમયા નામે પટ્ટરાણીનો સામંતસિંહ નામે કુમાર હતો. એક વખત કુમાર નિશાળે ભણવા જતો હતો. ત્યારે તેને માર્ગમાં જુગારી લોકો મળ્યા. તેઓની સંગતે ચઢી જુગાર રમતા શીખ્યો. પછી તો ધીમે ધીમે સાતે દુર્વ્યસનો સેવવા લાગ્યો. રાજાએ વ્યસનો છોડવા ખૂબ સમજાવ્યો પણ કુમાર માન્યો નહીં. રાજાએ





આ કારણથી તેને અયોગ્ય જાણી દેશ બહાર કાઢી મૂક્યો. છતાં પણ તેણે વ્યસનો છોડ્યા નહીં. અન્ય દેશોમાં ફરતો ફરતો કુમાર શિવપુર નગરે આવ્યો. ત્યાં તેના રૂપ રંગથી પંચક નામના શેઠે તેને ઉત્તમ પુરુષ જાણ્યો, તેમજ સુકોમળ કાયા જોઇ તે કોઇ પ્રકારની મહેનતનું કામ કરી નહીં શકે એમ માન્યું. આ કારણથી તે શેઠે પોતાના ઘરની નજીક દેરાસર હતું, તેમાં પૂજારી તરીકે તેને રાખ્યો. કુમાર દુષ્ટ હોવાથી ભગવાન પાસે મૂકેલ ચોખા, સોપારી, ફળ વગેરે છાનામાના લઇ વેચી નાંખતો. વળી તેનાથી જે ધન મળે તેનાથી જુગાર રમવાનો ચાલુ કર્યો. પંચક શેઠને ખબર પડી તો ખૂબ સારી શિખામણ આપી કે “હે ! ભલા માણસ ! *જે પ્રાણી (જીવ) દેવદ્રવ્ય વગેરેનું ખાય-વાપરે તો તે જીવને ઘણો કાળ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે.* હવેથી આવા કામ ન કરતો, પણ દુષ્ટ મિથ્યાદષ્ટિ જીવો તીવ્ર અજ્ઞાનના ઉદયથી કુકર્મ છોડતા નથી.

એક દિવસ ભગવાનના છત્ર વગેરે આભૂષણો ચોરી તેને વેચીને તે દ્રવ્યથી અનાચાર સેવ્યો. આ વાત પંચકશેઠને ખબર પડી એટલે તેને ઘરમાંથી તેમજ નોકરીમાંથી કાઢી મૂક્યો. ત્યાંથી નીકળી જંગલમાં ભમતા-ભમતા તેણે ઘણીવખત મૃગલા વગેરે જીવોની હિંસા કરી અને પોતાનું પેટ ભર્યું. આ વનમાં એક તાપસોનો આશ્રમ હતો. ત્યાં ઘણા તાપસો તપ કરતા હતા. આ આશ્રમમાં મૃગલા પણ રહેતા હતા. એક વખત એ આશ્રમમાં એક મૃગલી સગર્ભા હતી તે ત્યાં આવી. આ સામંતકુમારે તેને જોઇ અને તેના ચારે પગ છેદી નાંખ્યા. મૃગલી ધરતી પર પડી. તાપસે આખી ઘટના જોઇને મૃગલીને ધર્મ સંભળાવ્યો. એટલે તે મૃગલી મરીને શુભ ગતિ પામી. તાપસે કુમારને શ્રાપ આપતા કહ્યું, કે “જેવી રીતે તે મારી મૃગલીના પગ છેદી નાંખ્યા તેવી રીતે તું પણ પરભવમાં પાંગળો થઇશ.” સામંતકુમાર તાપસનો ક્રોધ જોઇ ત્યાંથી વનમાં દૂર જતો રહ્યો. અશુભ કર્મના ઉદયથી તેને સિંહ મળ્યો. સિંહે કુમારને ફાળ ભરી મારી નાંખ્યો. કુમાર અશુભ ધ્યાનથી મરણ પામી નરકગતિમાં ગયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી અસંખ્ય તિર્યંચના તથા નારકીના પણ ભવ કર્યા.

હસતા બાંધેલા કર્મ રડતા છુટતાં નથી. ભોગવવા જ પડે છે.

૧) મહાવિદેહ ક્ષેત્રના કુસુમપુરમાં વિશાલકીર્તિ રાજાની શિવા નામની દાસીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો. ત્યાં તેને ગળતા કોઢનો રોગ થયો. હાથ પગ ખરી પડ્યા એટલે પાંગળો થયો. તેના અંત સમયે તેની દાસી માતાએ નવકાર સંભળાવ્યો. તેથી સમાધિપૂર્વક મૃત્યુ પામ્યો.

૨) પછીના ભવે વ્યંતરદેવ થયો.

૩) ત્યાંથી ચ્યવી આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સૌહાર્દપુર નગરના સુરદાસ શેઠની વસંતતિલકા પત્નીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ સ્વયંપ્રભ પાડ્યું. તે ઘણો ગુણવાન વિવેકી બન્યો પણ પગમાં ગુમડાં ઘણા થયા કરે. તેથી ચાલી પણ ન શકવાથી તે દુ:ખી રહેતો. માતાપિતાને પણ તેની ઘણી ચિંતા રહેતી. એ સમયમાં પોતાના નગરમાંથી શ્રી શત્રુંજય તીર્થની યાત્રા માટે એક મોટો સંઘ જતો હતો. તે સાંભળી શેઠ પોતાની પત્ની-પુત્રને લઇ તે ચાલતા સંઘમાં જોડાયા. ચાલતા ચાલતા સંઘ શ્રી સિદ્ધક્ષેત્રે આવી

પહોંચ્યો. ત્યાં રોકાઇ બધા ગિરિરાજ પર દર્શન કરવા ઉપર ચઢ્યા. ત્યાં શ્રી ઋષભદેવ પ્રભુની ભક્તિ કરી. સૂરજકુંડના પાણીમાં પુત્રને સ્નાન કરાવ્યું, જેથી તેનો રોગ દૂર થાય. પણ પાણી દેવતાને અધિષ્ઠિત હોવાથી સ્વયંપ્રભકુમારના કર્મો ઘણા-ભોગવવાના બાકી હતા તેથી કુંડનું પાણી પગ પર સ્પર્શતું ન હતું. બધાને નવાઇ લાગી. ત્યાં એક જ્ઞાની મુનિભગવંત હતા. કુમારના રોગ માટે તે મુનિને લોકોએ પૂછ્યું. મુનિએ કહ્યું કે પૂર્વ ભવમાં તેણે દેવદ્રવ્ય ભક્ષણ કર્યું છે તેમજ એક મૃગલીના ચારે પગ છેદ્યા છે. તેમાંના ઘણા કર્મો તેની અકામનિર્જરાથી ક્ષય થયા છે પણ થોડા બાકી છે કે કર્મ નિકાચિત ચીકણાં છે તે ભોગવ્યા વિના છૂટકો જ નથી તેથી આ તીર્થજલનો સ્પર્શ થતો નથી.

મુનિના આવા વચનો સાંભળી ત્રણે જણા વૈરાગ્ય પામ્યા. સંઘમાંથી પાછા ફરી ઘરે આવી ધર્મ કરવાનો વધાર્યો. કુમારે સોલ હજાર વર્ષ સુધી કોઢ, ફોડલા વગેરે અનેક રોગોની વેદના ભોગવી. આગળ જતા કર્મનું પ્રાયશ્ચિત્ત કરી શુભ ભાવે મરણ પામ્યો.

૫) ત્યાર પછી પહેલા દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયો.

૬) ત્યાંથી ચ્યવીને હે રાજન્ ! તારા ત્યાં પિંગલકુમાર તરીકે પુત્રપણે ઉત્પન્ન થયો. આમ ગાંગિલમુનિએ કુમારના પૂર્વભવો કહ્યા. મિથ્યાત્વના ઉદયથી જીવ અનંતા કર્મો બાંધે છે તેમ તારા પુત્રે પણ ખરાબ કર્મો બાંધ્યા, તેથી પાંગળો થયો છે. રાજાએ તેનું કર્મ કેવી રીતે ભોગવાશે તેવું પૂછતા મુનિએ કહ્યું કે ત્રીજા આરાના છેડે ત્રણ વર્ષ ને સાડા આઠ મહિના બાકી રહે ત્યારે મહાવદિ તેરસના દિવસે શ્રી ઋષભદેવ પરમાત્માનું નિર્વાણ કલ્યાણક થયું છે. માટે તે દિવસનું મહત્વ બહુ છે. એટલે એને મોટું પર્વ માનીને એ દિવસ જ્યારે આવે ત્યારે તે દિવસે ચઉવિહાર ઉપવાસ કરવો. રત્નના પાંચ મેરૂ કરવા. ચાર દિશામાં ચાર નાના મેરુ કરવા, તેની આગળ ચારે દિશામાં ચાર નંદાવર્ત્ત કરી ધૂપ, દીપ વગેરે કરી તેની પૂજા કરવી. આ પ્રમાણે તેર મહિના સુધી કાં તો તેર વર્ષ સુધી કરવુ. તે દિવસે "શ્રી ઋષભદેવસ્વામી પારંગતાય નમઃ"નું બે હજારનું ગણણુ ગણવું. એટલે ૨૦ સંપદા મેળવે. નવકારવાળી ગણવી. જો આ રીતે દર મહિને જે કરે છે, તેના સર્વ કર્મનો ક્ષય થાય. આ ભવ તથા પરભવમાં સુખસંપદા મેળવે.



ગુરુ પાસેથી સાંભળીને અનંતવીર્ય રાજાએ પુત્રને વ્રત અંગીકાર કરાવ્યું. પ્રથમ મહાવદિ તેરસથી વ્રત શરૂ કર્યું. તે જ દિવસે પગના અંકુરા ફૂટવા લાગ્યા. તેર માસ આ રીતે વ્રત કરવાથી હાથપગ સુંદર પ્રગટ થયા. રાજા-રાણી-પુત્ર બધા હર્ષ પામ્યા. ધર્મનો મહિમા સાક્ષાત અનુભવી ધર્મ વધાર્યો અને વૈરાગ્યવાન થયા. ૧૬ મહિના વીતતા પિંગલકુમારનું ગુણસુંદરી સાથે પાણિગ્રહણ થયું. તે ઉપરાંત બીજી ઘણી કન્યાઓને પણ પરણ્યો. રાજાએ પુત્રને રાજ્ય સોંપી ગાંગિલમુનિ પાસે ચારિત્ર લીધું. અતિચારરહિત સંયમ પાળીને શ્રી શત્રુંજય તીર્થ પર અણસણ કરી કર્મ ખપાવી મોક્ષપદ પામ્યા.

પિંગલકુમારે તેરસ વિધિ સહિત પૂરી કરી પારણે ઉજમણુ કર્યું. ભગવાનના તેર મોટાં શિખરબંધ દેરાસરો બંધાવી તેમાં સોના, રૂપા, રત્નની તેર પ્રતિમા ભરાવી. આ ઉપરાંત પાંચ મેરૂ કરીને ચઢાવ્યા. તેર વખત શ્રી સિધ્ધાચલજીના સંઘ કાઢ્યા, તેર સ્વામિવાત્સલ્ય કર્યા. આ ઉપરાંત કેટલાક પૂર્વ વર્ષ સુધી મેરુ તેરશના વ્રત સાથે રાજ્ય પાળ્યું. અંતમાં પોતાના મહસેન નામના પુત્રને રાજ્ય સોંપ્યું. પોતે સુવ્રતાચાર્ય ગુરુ પાસે ઘણા રાજપુરુષો સાથે દીક્ષા અંગીકાર કરી. દ્વાદશાંગી ભણી આચાર્ય પદવી મેળવી. શુક્લધ્યાને તથા ક્ષપક શ્રેણીએ ચડીને બારમા-તેરમા ગુણઠાણે પહોંચી કેવળજ્ઞાન પામ્યા. પૃથ્વી પર ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા પોતાનું બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય પાળી સિધ્ધશિલા પર પહોંચ્યા.

આમ આ પિંગલરાજાથી મેરુતેરશ વ્રત શરૂ થયું. કેટલોક કાળ સુધી બધા રત્નમય મેરુ ચઢાવતા, પછી સોનાના મેરુ ચઢાવતા, હાલ ઘૃત (ઘી)ના મેરુ ચઢાવે છે. આ તપથી આ લોકમાં મનવાંછિત સુખ સંપદા મળે અને પરલોકમાં દેવગતિનાં સુખ તથા મોક્ષના અનંતના સુખની પ્રાપ્તિ થાય છે. માટે સૌ કોઇએ આ વ્રત કરવું જોઇએ.





# રોહિણી પર્વ

શ્રી ચંપાનગરીમાં શ્રી વાસુપૂજ્ય તીર્થંકરનો પુત્ર મઘવા નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની લક્ષ્મણા નામની રાણી હતી. આ રાણીને એક પછી એક એમ આઠ પુત્રો થયા. એકપણ પુત્રી ન'તી. રાણીને એક પુત્રીની ઇચ્છા હતી. કર્મયોગે આઠ પુત્રો ઉપર નવમી પુત્રી થઇ. તેથી માતાપિતાને તે ખૂબ વ્હાલી બની. તેનું નામ રોહિણી પાડ્યું. રોહિણી લાડકોડમાં મોટી થઇ, પણ સર્વ કલા શીખીને એકદમ ચતુર અને ચકોર થઇ. યુવાવસ્થામાં આવતાં રાજાએ તેના માટે સ્વયંવર મંડપ બનાવ્યો. તેમાં કુરૂ, કોશલ, કર્ણાટ, મગધ, માલવ, ગુર્જર, કચ્છ, સિંધુ, સૌરાષ્ટ્ર, નાગપુર એમ અનેક દેશના મોટા મોટા રાજાઓ અને વિદ્યાધર રાજાઓ આવ્યા હતા. રાજાએ પુત્રીને સોલે શણગાર સજાવી સ્વયંવર મંડપમાં દાસી સાથે હાથમાં વરમાલા આપી મોકલી. દાસી દરેક રાજાઓ, કુંવરોનો પરિચય આપી અરીસામાં રાજકુમારોના રૂપ બતાવતી હતી. એમાં કુંવરીએ નાગપુર નગરના વીતશોક નામના રાજાના પુત્ર અશોકકુમારના ગળામાં વરમાળા પહેરાવી. યોગ્ય વર જાણી બધા લોકો હર્ષ પામ્યા. રાજાએ પુત્રીના વિવાહનો મહોત્સવ બહુ ધામધૂમથી કર્યો. તેમજ આવેલ દરેક રાજવીઓને હાથી, ઘોડા, વસ્ત્રો, અલંકાર, ભોજન બધું આપ્યું. તેવી જ રીતે અશોકકુમાર તથા રોહિણીને પણ હાથી, ઘોડા, દાસ, દાસી, સોના-રૂપાના ઘરેણાં વગેરે ઘણું દાયજામાં આપી નાગપુર મોકલ્યા. વીતશોક રાજાએ પણ મોટો મહોત્સવ કરી પુત્રને નગરપ્રવેશ કરાવ્યો.


વીતશોક રાજાએ અશોકકુમારને રાજ્યપાટ સોંપી દીક્ષા લીધી. અશોકરાજા પણ પત્ની સાથે સંસાર સુખ ભોગવે છે. રોહિણીને આઠ પુત્રો અને ચાર પુત્રીઓ થઇ. એક વખત રાજા રાણી બંન્ને મહેલમાં ઉપર બેઠા છે. તે મહેલની પાછળ એક વેપારીનું ઘર હતું. તેનો એક પુત્ર મરણ પામ્યો તેથી ઘરના બધા મોટેથી રૂદન કરતા હતા અને ખૂબ દુ:ખ પામેલા હતાં. આ દશ્ય જોઇ રોહિણી પોતાના પતિને પૂછે છે કે 'આ ક્યા પ્રકારનું નાટક કહેવાય ?' એને બધું નવું નવું લાગતું હતું. ખબર ન'તી પડી કે આ દુ:ખ કહેવાય ! રાજાને એવું લાગ્યું કે રાણી અહંકાર કરે છે, મદ કરે છે એટલે રાણીને કહે છે કે તમને આવો મદ કરવો યોગ્ય નથી. સંસાર અનિત્ય છે. રાણી કહે, સ્વામી ! હું કોઇ મદ કે ગર્વ કરતી નથી. તમે ખોટું ન સમજો. આવા પ્રકારનું દશ્ય (નાટક) મેં ક્યારેય જોયું નથી એટલે તમને પૂછ્યું. તમે મને શા માટે મદવતી માનો છો ? રાજા કહે- જો એવું હોય તો હમણાં જ હું તને આવું નાટક કરી બતાવું તેથી તું પણ શીખી જઇશ. એમ કહીને રાણીના ખોળામાં પુત્ર રમતો હતો તેને લઇ રાજાએ ગોખમાંથી નીચે નાંખી દીધો. આ દશ્ય જોઇ ઉભેલા બધા લોકોમાં હાહાકાર મચી ગયો. પણ રોહિણીને આ દશ્ય જોઇ કોઇ જ અસર ન થઇ કે આ વાતની કોઇ સમજ કે દુ:ખ પણ ન થયું. રાજાએ આ શું કામ કર્યું ? કેમ કર્યું ? તેની કોઇ સમજ ન પડી. એમને એમ સામાન્ય નજરથી જ તે જોયા કરતી હતી.





બાળકને નીચે નાંખ્યો તે વખતે બાળકના પુણ્યથી અને દીર્ઘ (લાંબુ) આયુષ્યના લીધે વચ્ચેથી જ પુરદેવીએ તેને પકડી લીધો. આ દેવતાઇ મદદથી બાળક બચી ગયો. બધા લોકો વિસ્મય પામ્યા અને રાજી થઇ ગયા. રાજા રાણીને કહે, ‘‘હું તને રડવા-કૂટવાની કલા શીખવવા માંગતો હતો, પણ તેં કોઇ ભવમાં મોટું પુણ્ય ઉપાર્જન કર્યું હશે માટે જ તને દુઃખ શું તે ખબર જ નથી પડતી તથા દુઃખ દેખવું પણ પડતું નથી.’’

એક વખત વાસુપૂજ્યસ્વામીના શિષ્ય રૂપ્યકુંભ અને સુવર્ણકુંભ નામના બે મુનિરાજ નગર બહાર સમોસર્યા. તેના સમાચાર રાજાને સેવકે આપ્યા. રાજા પરિવાર સહિત આડંબર સાથે મુનિને વંદન કરવા ગયા અને વંદન કરી ધર્મોપદેશ સાંભળવા બેઠા. રાજાએ મુનિ મહારાજને પૂછ્યું કે ‘‘હે ગુરુ મહારાજ ! મારી આ રોહિણી રાણી છે. એણે પૂર્વ ભવમાં એવું કયું સુકૃત કર્યું છે ? કે એને દુઃખ થતું નથી અને મને પણ તેના પર ખૂબ સ્નેહ રહે છે ? આનું પણ કારણ આપ જણાવો.’’ મુનિરાજે તેને કહ્યું, ‘‘હે રાજન ! હું તને એનો પૂર્વભવ કહું છું તે સાંભળ !’’

પાછલા ભવે ઉજ્જયંતગિરિપુરને વિષે પૃથ્વીપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સિધ્ધિમતી રાણી હતી. બન્ને વનમાં ક્રીડા કરવા ગયા. તે વખતે ત્યાં માસક્ષમણના પારણા માટે ગુણસાગર નામના મુનિ નગરમાં પધાર્યા. રાજાએ તેમને જોયા અને ત્યાં વંદન કરીને રાણીને કહ્યું :-‘‘મહેલમાં જઇ સાધુ ભગવંતને શુધ્ધ આહાર વ્હોરાવો. આ ઋષિવર જંગમ તીર્થ છે’’.



આ બાજુ રાણીને પોતાની ક્રીડામાં ખલેલ પડવાથી અણગમાપૂર્વક બડબડ કરતી મનમાં વિચારવા લાગી કે આ મુંડિયો ક્યાંથી આવી ગયો ? તેણે એક કડવું તુંબડું હતું તે વ્હોરાવી દીધું. એવા દ્વેષપૂર્વકના સુપાત્રદાનથી મુનિ મહારાજે પણ વિચાર્યું કે જો હું જ્યાં પણ આ પરઠવીશ ત્યાં તો જીવોની હિંસા થશે. ઘણા કર્મોનો બંધ થશે. એવું ના થાય માટે જ પોતે તેનાથી જ પારણુ કર્યું. કડવા તુંબડાને લીધે આખા શરીરમાં ઝેર પ્રસરી જવાથી મુનિ શુભધ્યાને મરીને મોક્ષે ગયા. રાજાએ આ વાત જાણી ત્યારે રાણીને મહેલમાંથી કાઢી મૂકી. રાણી જંગલમાં રખડતી રઝળતી દિવસો પસાર કરતી હતી. આગળ જતા તેના ઉગ્ર પાપના યોગે સાતમા દિવસે તેને કોઢ રોગ થયો. અનેક દુઃખો સહન કરી થોડા વખતમાં મરીને છઠ્ઠી નરકે ગઇ. ત્યાંથી નીકળીને તિર્યંચમાં તથા વારાફરતી બધી નરકમાં ઘણા ભવ રખડી.




એક વખત ચંડાલણીના ભવમાં તેણે મરતી વખતે નવકાર મંત્રનું સ્મરણ કર્યું. તેના યોગે એ જ નગરના વનમિત્ર શેઠની ધનવતી ભાર્યાની કુખે દુર્ગંધા નામની પુત્રી રૂપે ઉત્પન્ન થઇ. તે યૌવન વય પામી ત્યારે માતા-પિતાએ તેનો વિવાહ મહોત્સવ કર્યો. લગ્ન સમયે વર સાથે હાથ મેળાપની ક્રિયા શરૂ થઇ. વરને તેનો હાથ અગ્નિ જેવો બળતો લાગ્યો તેથી ત્યાં ને ત્યાં જ મંડપમાંથી જ તેનો હાથ છોડી જતો રહ્યો. તેના પિતાએ પુત્રને પુછ્યું તો કહે, પિતાજી તમે કહેશો તો વિષ ખાઉં, કહો તો ગળા ફાંસો ખાઉં પણ આ કન્યાને હું પરણીશ તો નહીં જ. પિતાએ તેની વાત માની લીધી અને કહ્યું , તો તને બીજી સારી કન્યા સાથે પરણાવશું. એમ કહી બધા પાછા જતા રહ્યા.

એક વાર કન્યાના પિતાએ એક મહારૂપવાન ભિખારીને પોતાના ઘરે ભીખ માંગવા આવેલો જોયો. તેણે કહ્યું કે જો તું મારા ઘરે જ રહે તો મારી પુત્રી તને પરણાવું. ભીખારીએ હા પાડી. શેઠે તેને સ્નાન કરાવી નવા વસ્ત્રો, આભૂષણો આપીને પુત્રી સાથે લગ્ન કરાવ્યા. સૂવાના સમયે દુર્ગંધા પતિ પાસે જવા ગઇ ત્યારે ભિખારીને દુર્ગંધ આવવા લાગી. અવાચક થઇ ભિખારી વિચારવા લાગ્યો કે પેટ ભરવા માટે ભીખ માંગવી સારી પણ આવી પત્ની સાથે રહેવું તો ન જ ફાવે, એટલે પોતાના જૂના કપડાં પહેરી મળેલા નવા કપડા-દાગીના વગેરે ઉતારીને ત્યાંથી જતો રહ્યો. સવાર પડતાં શેઠ શેઠાણીને ખબર પડતાં પુત્રીને સમજાવે છે કે કર્મના યોગે તારા નસીબમાં વરનો યોગ નથી. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ વગેરેને પણ કર્મએ છોડ્યા નથી તો આપણી તો શી ગણત્રી ? માટે હવે તું ધર્મનું શરણ લે. ધર્મના પ્રભાવથી જ સર્વ સુખ પ્રાપ્ત થશે. પુત્રી પણ મનમાં સંવેગ ભાવ લાવી તપ જપ કરવા લાગી.

એક વખત ત્યાં જ્ઞાની ગુરુ ભગવંત પધાર્યા. શેઠે તેમને પુત્રીને આવો રોગ થવાનું કારણ પૂછ્યું. ગુરુએ તેના પાછલા ભવો સંભળાવ્યા. શેઠે તે રોગ કેવી રીતે દૂર થાય તેવું પૂછતા ગુરુએ કહ્યું કે "સાત વર્ષ અને સાત માસ સુધી રોહિણી તપ કરાવો. ૧) જે દિવસે રોહિણી નક્ષત્ર આવે તે દિવસે ચઉવિહાર ઉપવાસ કરવો. ૨) ભાવ સહિત શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનની રત્નમય પ્રતિમાની પૂજા કરવી. ૩) તપ પૂર્ણ થતાં સારુ ઉજમણું કરવું." આવી રીતે સુગંધકુમારે કર્યું હતુ તેથી તેના સર્વ દુઃખો દુર થઇ ગયા હતા. માટે આ તપ કરાવો. આ વાત સાંભળી દુર્ગંધાએ ગુરુને પૂછ્યુ કે સુગંધકુમાર કોણ હતો તે કહો ? જ્ઞાનીગુરુએ સુગંધકુમારની કથા કહેવાની શરૂ કરી...

સિંહપુર નગરમાં નગર સિંહસેન રાજાની કનકપ્રભા રાણી હતી. તે બન્નેને એક પુત્ર હતો. કર્મસંયોગે



તેના આખા શરીરમાંથી અતિશય દુર્ગંધ આવવાથી બધાને તે અપ્રિય બન્યો. એક વખત તે નગરીમાં પદ્મપ્રભસ્વામી પધાર્યા. સિંહસેન રાજાએ આખા કુટુંબ-પરિવાર સહિત જઇ પ્રભુને વંદન કર્યા. ત્યારબાદ પ્રભુને પૂછ્યું, "હે પ્રભુ ! મારો પુત્ર ક્યા કારણથી દુર્ગંધી થયો ? પૂર્વભવમાં તેણે એવુ તો શું કર્યુ હતું ?" ભગવાને કહ્યું, "નગપુરથી બાર યોજન દૂર નીલપર્વત પર એક શિલા પર માસોપવાસી સાધુ ધર્મધ્યાન કરતા હતા તે વખતે એક શિકારી તેમને ઉપદ્રવ કરવા માંડ્યો. એક વખત સાધુ ગામમાં ગોચરી માટે ગયા તે વખતે તેજ શિકારી એક શિલા ઉપર અગ્નિ સળગાવી સાધુને બાળવાને પ્રયત્ન કરવા લાગ્યો. સાધુ ત્યાં આવીને બેઠા અને ઉષ્ણ પરિસહ સહન કરી કેવલજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. તે વ્યાધ પોતાના દુષ્ટ કર્મથી મરીને ૧) સાતમી નરકે ગયો. પછી ૨) સર્પ થઇ પાંચમી નરકે ૩) સિંહ થઇ ચોથી નરકે, ૪) ચિત્રક થઇ ત્રીજી નરકે ૫) માર્જર (બિલાડો) થઇ બીજી નરકે ૬) ઉલૂક (ધુવડ) થઇ પહેલી નરકે ગયો. આમ ભમતાં ભમતાં,

૭) એક શ્રાવકને ઘેર ઉત્પન્ન થયો. શ્રાવક હોવાથી નવકાર શીખ્યો અને પશુપાલનનો ધંધો કરવા લાગ્યો. એક વખત વનમાં દાવાગ્નિ બળવા લાગ્યો. તે અગ્નિ બળતો-બળતો આ પશુપાલ જ્યાં સુતો હતો, તેના અંગ પર આવી પડ્યો. મોત સિવાયનો વિકલ્પ ન જણાતા વેદના વખતે પણ તેણે અંતમાં નવકારનું સ્મરણ કર્યું. સ્મરણ કરતા કરતા બળીને મરણ પામ્યો અને તેજ તારો પુત્ર થયો. તેના કર્મો હજી પૂરા નથી થયા એટલે શેષ કર્મના દોષથી તેનું શરીર દુર્ગંધી થયું છે. આવી રીતે દુર્ગંધી શરીરવાળા તે રાજકુમારને પોતાનો પૂર્વ ભવ સાંભળતા જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તે ગુરુ ભગવંતના પગે પડી કહેવા લાગ્યો કે હું કેવી રીતે આ દોષોથી છૂટીશ ? ત્યારે ભગવંતે તેને રોહિણી તપ કરવાનું કહ્યું. તે તપ કરવાથી તેનું શરીર સુગંધિત થયું. માટે દુર્ગંધા ! તું પણ આ તપ કર તેનાથી તારા બધા દુઃખો દૂર થશે.

આ સાંભળી દુર્ગંધાએ પણ રોહિણી તપ શરૂ કર્યું. શુભધ્યાનથી તપસ્યા કરતી અને શ્રદ્ધા સહિત પૂર્વકૃત દુષ્કૃતોની નિંદા કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેને તેનો પૂર્વભવ દેખાયો. વધુ તપ કરી આયુષ્ય પૂર્ણ થતાં શુભધ્યાને મરણ પામીને તે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઇ. ત્યાંથી ચ્યવીને અહીં ચંપાનગરીના મઘવા રાજાની પુત્રી થઇ. તેનું નામ રોહિણી પાડ્યુ, જેની સાથે તમે પરણ્યા છો. એણે પૂર્વભવમાં ઘણું દાન આપેલું તેથી તમારી પટરાણી થઇ છે. રોહિણી તપના પ્રભાવથી દુઃખ શું છે ? તેની તેને ખબર જ નથી. વળી રાજન્ ! તપનું ઉજમણું કરવાના પ્રભાવથી આ ઋદ્ધિ પામી છે.



વૈરાગ્યરસથી ભીંજાતી સભાએ પ્રશ્ન પૂછ્યો, હે ભગવાન્ ! સુગંધકુમારનું આગળ શું થયું ? ગુરુ એ પ્રકાશ પાથરતા કહ્યું "સિંહસેન રાજાએ સુગંધકુમારને રાજ્ય સોંપી દીક્ષા લીધી. સુગંધકુમાર પણ ધર્મ કરતો આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી દેવલોક અને ત્યાંથી પણ ચ્યવીને પુષ્કલાવતી વિજયની પુંડકીણિણી નગરીમાં કેવલકીર્તિ રાજાના ઘરે અર્કકીર્તિ નામના ચક્રવર્તીપણે ઉત્પન્ન થયો. ત્યાં દીક્ષા લઇ બારમાં દેવલોકે ઇંદ્રપણે ઉપજ્યો. ત્યાંથી ચ્યવીને અહીં તું અશોક નામે રાજા થયો છું. તારી રાણીએ અને તેં બન્ને જણાએ પૂર્વે એક સરખું તપ કર્યું છે માટે તારો સ્નેહ એના તરફ વધુ રહે છે."

રાજાએ ફરી ગુરુને પૂછ્યુ કે "હે સ્વામી ! મારી રાણીને આઠ પુત્ર અને ચાર પુત્રીઓ છે." તે તેના ક્યા પુણ્યોદયથી પ્રાપ્ત થયા ? ગુરુ કહે "હે મહાભાગ ! આઠમાંથી સાત પુત્રો તો પૂર્વના ભવે મથુરા નગરીમાં એક ભિખારી અગ્નિશર્મા બ્રાહ્મણના ઘરે પુત્ર પણે ઉપજ્યા હતા." તે સાત પુત્રો ગરીબ (દરિદ્રી) કુલમાં જન્મ્યા હતા તેથી બધા ભીખ માંગવા જાય, પણ કોઇ ઘરના ઓટલે પણ તેમને બેસવા ન દે. ધક્કો મારી કાઢી મૂકતા. આમ પુત્રો ગામોગામ ભીખ માગતા ફરતા હતા. એક વખત તે બધા પાટલીપુર નગરે જાય છે. ત્યાં તેઓએ રાજાના અને પ્રધાનના પુત્રોને જોયા. મોટાભાઇએ બીજા ભાઇઓને કહ્યું, "આપણે પણ માણસ છીએ અને એ પણ માણસ છે છતાં બે વચ્ચે આટલું અંતર કેમ છે ?" નાનો ભાઇ કહે, પૂર્વમાં એ લોકોએ પુણ્ય કર્યા હશે તેથી તેના ફળ ભોગવે છે. આપણે પુણ્યહીન છીએ એટલે ઘર-ઘર ભીખ માંગવી પડે છે. એ લોકો ફરતા-ફરતાં વન તરફ જાય છે. ત્યાં એક સાધુ મુનિરાજે ધ્યાન પુરુ થતાં આ સાતે ભાઇઓને જોયા. તેમના પર દયા-કરુણા લાવી ધર્મ ઉપદેશ આપ્યો. તેથી તે સાતે ભાઇ વૈરાગ્ય પામી દીક્ષા લે છે. શુધ્ધ ચારિત્ર પાળી મૃત્યુ પામીને દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને અહીં તમારે ઘરે પુત્રપણે ઉત્પન્ન થયા.



સંવેગ નીતરતી, કર્મની કઠપૂતલી બનેલા જીવોની, તથા ધર્મસત્તાની અદ્‌ભુત શક્તિની કથા સાંભળતા રાજા દિગ્મુઢ બની ગયા. ક્ષણભરના વિશ્રામ પછી જ્ઞાની ગુરુએ આઠમા પુત્રની વાત માંડી. વૈતાઢ્ય પર્વત પર એક ભીલ વિદ્યાધર શાશ્વત જિનપ્રતિમાની પૂજા કરતો હતો. તે મરણ પામી સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવી તારો લોકપાલ નામનો આઠમો પુત્ર થયો. વળી તારી આ ચાર પુત્રીઓ પૂર્વમાં કોઇક વિદ્યાધર રાજાની પુત્રીઓ હતી. યૌવનવયમાં બાગમાં રમવા ગઇ ત્યાં સાધુને ઉભેલા જોયા. સાધુએ તેઓને કહ્યું તમારું આયુષ્ય સાવ ઓછુ છે માટે ધર્મ કરો. આઠ પહોર (= એક પહર એટલે ૩ કલાક) માત્ર એટલે ૨૪ કલાક જ તમારું આયુષ્ય બાકી રહ્યું છે. માટે હે સુજ્ઞો ! જ્ઞાનપંચમીનું તપ કરો. ઘરે આવી તે પુત્રીઓએ પચ્ચક્ખાણ લીધું. અને પોતાના આત્માને કૃતાર્થ માન્યો. એક સ્થાને બેઠેલી તે બધા પર અચાનક વિદ્યુત્પાત થયો. એમાં ચારે પુત્રીઓ મૃત્યુ પામી દેવતા થઇ. ત્યાંથી ચ્યવીને તારા ઘરે પુત્રીઓ થઇ. આ બધી વાતો સાંભળી રાજા રાણીને જાતિસ્મરણજ્ઞાન થયું. પોતાના પૂર્વભવો જોઇ વૈરાગ્ય પામ્યા. સભા પણ વૈરાગ્યવાસિત થઇ.

એક વખતે રાણીના દાદાજી એટલે શ્રી વાસુપૂજ્ય ભગવાન ત્યાં નગરીમાં સમોસર્યા ત્યારે અશોક રાજા અને રોહિણી રાણી પોતાના પરિવાર સાથે ભગવાનને વંદન કરવા ગયા. ત્યારબાદ પ્રભુની દેશના સાંભળી ઘરે આવીને પુત્રને રાજપાટ સોંપ્યું. વૈરાગ્ય વાસિત રાજા રાણીએ દીક્ષા લઇ ઉત્કૃષ્ટ સાધના કરી.

ત્યારબાદ બન્ને જણા તેજ ભવમાં મોક્ષે ગયા. માટે હે ભવ્ય જીવો ! આ લોકમાં સુખ-સમૃદ્ધિ અને પરલોકમાં સિદ્ધિગતિના સુખ આપનારા આ તપને ભાવથી આરાધો...



ગિરિરાજ ઉપર રાયણના વૃક્ષ નીચે સુર-અસુર-ઇંદ્રો-ચક્રવર્તીઓથી પૂજાએલ શ્રી આદિનાથ ભગવાનનું સમોવસરણ રચાયુ હતું એવું શાસ્ત્રોમાં બતાવ્યું છે. અત્યારે તે વૃક્ષ નીચે પ્રભુના પગલાં તેમની યાદગીરી રૂપે છે. આ ગિરિરાજ ઉપર સૂરજદેવે બનાવેલ સૂરજકુંડ છે, તેના જલના પ્રભાવથી કુષ્ટ (કોઢ) આદિ રોગો નાશ પામે છે.

આ શત્રુંજય તીર્થ ઉપરથી પાંડવો માતા કુંતા સહિત વીસ કરોડ મુનિવરો સાથે મોક્ષમાં ગયા છે.

રામચંદ્રજી ત્રણ કરોડ મુનિવરો સાથે સિધ્ધિ પામીને મોક્ષે ગયા છે. આ ગિરિરાજ ઉપર આ જ અવર્સપિણીના બધા જ (ચોવીસે) ભગવાનના થઇ ૧૪૫૨ ગણધર ભગવાનના પગલાં છે.

શ્રી આદિનાથ ભગવાને પોતે જ્યારે દીક્ષા લીધી ત્યારે પોતાના શ્રી ભરત આદિ સો પુત્રોને રાજ્ય ભાગે વહેંચી આપ્યા. ત્યારે પોતાના પુત્ર તરીકે રાખેલા નમિ અને વિનમિ તે વખતે હાજર ન હતા. પાછળથી જ્યારે આવ્યા ત્યારે ભરતરાજાએ તેઓને કહ્યું કે તમે અમારી સેવા કરશો તો ભેટમાં દેશ આપીશ. પણ તેઓએ ભરતની વાત માન્ય ન રાખતા રાજ્ય લેવા ભગવાન પાસે ગયા. ભગવાન કાઉસગ્ગ ધ્યાને હતા. એટલે તે બન્ને ભગવાનને મચ્છર-જીવાતો વગેરે કરડે નહીં તે માટે તેમની આજુબાજુની જગ્યા સાફ કરવા લાગ્યા. રોજ સવારે ભગવાનને વંદન કરી કહેતા કે ભગવાન ! આપ અમને રાજ્ય આપનારા બનો. આમ ભગવાનની સેવા



રાતદિવસ કરતા કાઉસગ્ગ પૂર્ણ થાય તેની રાહ જોતા ત્યાં રહેવા લાગ્યા. ભગવાનની કરેલી ભક્તિ ક્યારેય નિષ્ફળ જતી નથી.

એક વખત ધરણેન્દ્ર દેવ ભગવાનને વંદન કરવા પધારે છે. એકાગ્રચિત્તે સમતાપૂર્વક ભગવાનની સેવા કરતા નમિ વિનમિને જોઇ ધરણેન્દ્રદેવ પ્રસન્ન થાય છે. તે બન્ને ને વિદ્યાઓ આપી અને વૈતાઢ્ય પર્વત પર વિદ્યાધર રાજ્યના માલિક બનાવી દીધા. બન્ને જણાએ લાંબા સમય સુધી વિદ્યાધરપણું ભોગવીને વૈરાગ્ય પામી સર્વ વસ્તુનો ત્યાગ કરી દીક્ષા લીધી. ફરતાં-ફરતાં તેઓ શ્રી શત્રુંજય મહાતીર્થ પર આવી ભગવાનને નમસ્કાર કરી કર્મનો ક્ષય કરી બે કરોડ મુનિવરો સાથે મુક્તિનું સુખ પામીને સિદ્ધશિલામાં ગયા. આવા મહિમાવંત સિદ્ધગિરિ પરથી ચૈત્રી પૂનમે પ્રથમ ગણધર એવા શ્રી પુંડરીકસ્વામિજી પણ ૫ ક્રોડ મુનિ સાથે મોક્ષે પધારેલા. વળી અનેક જીવો ચૈત્રી પૂનમની આરાધનાથી મોક્ષે પધાર્યા.

શ્રી પુંડરીકસ્વામી એક વખત પાંચ કરોડ મુનિવરો સાથે વિહાર કરતા કરતાં સૌરાષ્ટ્ર દેશમાં પધાર્યા. ત્યાં અનેક રાજાઓ, શેઠ-શાહુકારો, શાહ-સોદાગરો વગેરે તેમને વંદન કરવા ત્યાં આવ્યા. ભગવાને દેશના આપી. દેશના સાંભળી એક વિધવા કન્યાને, એક સ્ત્રી રડતી આંખે પુંડરીકસ્વામીજી પાસે લઇને આવી. ગુરુને નમસ્કાર કરીને પૂછે છે કે "હે ભગવાન ! આ કન્યાએ પૂર્વ ભવમાં એવું શું પાપ કર્યું હશે



કે જેથી તે ચોરીમાં જ વિધવા થઇ ? હસ્તમેળાપ પછી તરત જ પતિ પરલોક જતો રહ્યો." શ્રી ગુરુદેવે કહ્યું કે "અશુભ કર્મનું ફળ અશુભ જ હોય છે." તે આ પ્રમાણે છે, તું સાંભળ !

જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં વિશ્વવિખ્યાત મનોહર ચંદ્રકાંત નામનું નગર હતું. ત્યાં પ્રસિદ્ધ ગુણવાન સમરસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામની રાણી હતી. તે જ નગરમાં ધનાવહ નામનો ધનાઢ્ય શેઠ હતો. તે જિનેશ્વર પ્રભુનો પરમ શ્રાવક હતો. આ શેઠને બે પત્નીઓ હતી. એકનું

નામ કનકશ્રી અને બીજીનું નામ મિત્રશ્રી. શેઠ બન્નેને સારી રીતે રાખતા હતા. બન્ને સાથે વારાફરતી એક એક દિવસ રહેતો હતો. એક વખત કનકશ્રી મિત્રશ્રીના વારામાં પોતાના પતિ પાસે ગઇ. પતિએ તેને સમજાવીને મર્યાદાનો ભંગ ન કરવા સમજાવી પણ તે માનવા તૈયાર ન હતી. એટલે તે ગુસ્સે થઇ પોતાના ઘરમાં ગઇ, પણ મનમાં મિત્રશ્રી પર ગુસ્સો કરી દ્વેષ કરીને પતિથી કેવી રીતે વિયોગ પમાડવી તેવું વિચારવા લાગી. તેણે મંત્રતંત્રાદિકના પ્રયોગો દ્વારા મિત્રશ્રીના શરીરમાં ભૂત, પ્રેત, શાકિની, ડાકિનીનો પ્રવેશ કરાવ્યો. મિત્રશ્રીના પણ કોઇક પૂર્વભવનો દુષ્ટકર્મનો ઉદય આવ્યો હશે એટલે એ વખતે કનકશ્રીએ પોતાના દુષ્ટ કાર્યનો પ્રયોગ કરી લીધો. મિત્રશ્રી પણ દુષ્ટકર્મના ઉદયમાં હોવાથી શેઠે પણ તેનો પરવશ થઇ ત્યાગ કર્યો, મિત્રશ્રીનો ત્યાગ થતા કનકશ્રીનો સ્વીકાર થતા તે ખુશ થઇ ગઇ, થોડા વખતમાં કનકશ્રીનું આયુષ્ય પૂર્ણ થતાં મરણ પામીને તારા ઘરે તારી પુત્રીપણે ઉત્પન્ન થઇ. તેણે પૂર્વભવમાં મિત્રશ્રીનો પતિ સાથે વિયોગ કરાવ્યો એટલે તે આ ભવમાં વિષકન્યા થઇ અને ચોરીમાં જ તેનો પતિ મરી જવાથી તે વિધવા બની. માતાએ ગુરુ ભગવંતને વિધવા પુત્રીને દીક્ષા આપવા જણાવ્યું, ત્યારે તારી પુત્રી અતિશય ચંચલ છે તેથી તે અયોગ્ય છે. યાદ રાખજે, દીક્ષા અયોગ્ય નથી. માતાએ ફરી પુત્રીને દીક્ષા ન લેવાય તો કોઇ એવો ધર્મ જે એના માટે લાયક હોય તે જણાવવા કહ્યું. ત્યારે ગણધર ભગવાને જ્ઞાનના બળથી જાણીને તેને ચૈત્રી પૂર્ણિમાની આરાધના કરવા જણાવ્યું. આ જાણી તે વિધવા કન્યાને ગુરુના જ્ઞાનના પ્રભાવે વ્રત કરવાની ઇચ્છા થઇ. ગણધર ભગવંતે તે કન્યાને કહ્યું કે "શ્રી સિધ્ધાચલ તીર્થ શાશ્વતું છે. આ મહાતીર્થ પર અનંતા ભવ્ય આત્માઓ સિધ્ધિગતિને પામ્યા છે. બધા તીર્થોમાં આ તીર્થ જ મુખ્ય છે. તેના શત્રુંજય આદિ એકવીસ નામો છે. આ નામો વડે શત્રુંજય મહાતીર્થનું ધ્યાન ધરવું. ચૈત્રી પૂનમના દિવસે શુધ્ધ ભાવથી ઉપવાસ કરવો. જિનમંદિરમાં સ્નાત્ર મહોત્સવ આદિ શુભ કાર્યો કરવા, વ્યાખ્યાન સાંભળવા જવું. ગિરિરાજનો પટ ઊંચે સ્થાપન કરી તેને સાચા મોતી, અખંડ અક્ષત વગેરેથી પૂજા કરી દેવવંદન કરવા. પારણામાં સુપાત્ર દાનનો લાભ લેવો. આ પ્રમાણે પંદર વર્ષ સુધી દર સાલ આ વ્રતનું પાલન કરવું. શક્તિ અનુસાર શાસન શોભા વધે, ઉત્સાહ વધે તે માટે ઉજમણું કરવું જોઇએ."



આ વ્રતની આરાધના કરવાથી નિર્ધન ધનવાન બને, કુંવારાને સુંદર સાથીદાર, સૌભાગ્ય કીર્તિ, દેવગતિના સુખો પ્રાપ્ત થાય છે. રોગ, શોક, વિધવાપણું, સૌને અળખામણાપણું, મરેલા સંતાનને જન્મ દેવાપણું, પરાધીનતા વગેરે કર્મના અનિષ્ટ ફળ આ વ્રતથી દૂર થાય અને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. આમ શ્રી ગણધર ભગવાન તેને આ વ્રત કરવાનું જણાવે છે.

કન્યાનું મન વિષય વિકારોથી દૂર થયું. ધર્મમાં સ્થિર બની અને દર વર્ષે વ્રત કરતા તેણીએ પંદર વર્ષ પૂર્ણ કરી તેનું ઉજમણુ કર્યું. તેણીએ ગણધર ભગવાનનું ધ્યાન ધરીને શ્રી સિધ્ધાચલની યાત્રા કરી. શ્રી આદિનાથ ભગવાનનો જાપ કરી અંત સમયે અનશન સ્વીકારી કાળધર્મ પામી પહેલા સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થઇ. ત્યાં દેવતાઇ સુખો પુન્યના યોગથી ભોગવી ત્યાંથી ચ્યવીને (મરણ પામીને) મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છ વિજયમાં વસંતપુર નગરમાં નરચંદ્ર રાજાના રાજ્યમાં શ્રી તારાચંદ શેઠના ઘરે તારા નામની પત્નીની કુખે પુત્રપણે ઉત્પન્ન થઇ.

તેનું પૂર્ણચંદ્ર નામ રાખવામાં આવ્યુ. બહોતેર કળામાં પ્રવીણ થયો. પછી પંદર કરોડ દ્રવ્યનો, પંદર પત્નીઓ અને પંદર પુત્રોનો માલિક થયો. આ ભવમાં પણ તેણે ચૈત્રી પૂનમની આરાધના કરી. અંતે શ્રી જયસમુદ્ર ગુરુ પાસે દીક્ષા લઇ કેવળજ્ઞાન પામી મોક્ષ સુખને પામ્યો. આમ કન્યાનો જીવ ચૈત્રી પૂનમની આરાધના કરી ત્રીજા ભવે મોક્ષને પામ્યો.

# અક્ષય તૃતીયા પર્વ

આ કથા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના જીવન સાથે સંકળાયેલી છે. ભગવાને પોતાના પૂર્વના કોઇક ભવમાં, ખોળમાં વારંવાર મોઢું નાખીને ખાતાં એવા બળદોને મારતા બળદોના માલિકને જોયો. તેથી તેને બળદોના મુખે શીકલા (વસ્ત્ર/ચામડાનું બંધન) બાંધવાની સલાહ આપી. જેથી બળદો વારંવાર



જ્યાં-ત્યાં મોઢું ના નાખે. આમ, બળદોને ખાવામાં અંતરાય થવાથી કર્મ બંધાઇ ગયું. અને એ કર્મ એમનું તીર્થંકરના ભવમાં ઉદયમાં આવ્યુ. તેથી ભગવાન દીક્ષા લીધા બાદ જ્યારે ભિક્ષા માટે નીકળ્યા ત્યારે કોઇને ખબર ન પડવાથી બધા ભગવાનને વસ્ત્ર, અલંકાર, કન્યા આદિ ધરતા હતા, પણ ભગવાન યોગ્ય ભિક્ષા ન આપતા અને તેથી પ્રભુ ભિક્ષા વિના પાછા ફરતા હતા. પ્રભુના મનમાં સ્હેજ પણ દીનતા ન હતી. તેઓ તો સંયમભાવમાં જ સ્થિર હતા. આમ ને આમ ગોચરી વિના પ્રભુના બાર-બાર મહિના પસાર થયા અને આ બાર મહિનાના ઉપવાસ લોકમાં વરસીતપ તરીકે પ્રસિધ્ધ થયા.

આદેશ્વર ભગવાન આવી રીતે વિચરતાં-વિચરતાં હસ્તિનાપુરમાં પધાર્યા. તે વખતે ત્યાંના યુવરાજ શ્રી શ્રેયાંસકુમાર હતા. તેમણે એક સ્વપ્ન જોયું કે, "મેં કાળા મેરૂ પર્વતને અમૃતના કલશ વડે સિંચન કર્યું, આથી તે અતિશય શોભવા લાગ્યો."

શ્રી સુબુધ્ધિ નામના નગરશેઠે પણ સ્વપ્ન જોયુ કે, "સૂરજના મંડલમાંથી હજારો કિરણો પડી ગયા, તેને પાછા શ્રી શ્રેયાંસકુમારે ત્યાં સ્થાપન કર્યા, એટલે સૂર્યમંડલ અતિશય શોભવા લાગ્યું."

રાજાએ પણ સ્વપ્ન જોયું હતું કે "એક મહાપુરુષ શત્રુના સૈન્યની સાથે યુધ્ધ કરતાં શ્રી શ્રેયાંસકુમારની સહાયથી જય પામ્યા."

બીજા દિવસે રાજસભામાં રાજા, યુવરાજ, અને નગરશેઠ ભેગા થયા. ત્રણે જણાએ પરસ્પર પોતાને

આવેલ સ્વપ્નની વાત કરી. રાજાએ તે સાંભળીને કહ્યું કે, આજે નક્કી શ્રેયાંસકુમારને કોઇ મોટો લાભ થવો જોઇએ. સભા વિખરાઇ ગઇ. શ્રેયાંસકુમાર પોતાના મહેલના ઝરુખામાં બેઠા હતાં તે વખતે 'ભગવાન કશું જ લેતાં નથી.' આવો લોકોનો કોલાહલ સાંભળીને ભગવાનને જોયા અને વિચારવા લાગ્યા કે આવું મેં પૂર્વે ક્યાંક જોયું છે. આમ વિચારતાં-વિચારતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. જ્ઞાનથી જાણ્યું કે, 'હું પૂર્વભવમાં ભગવાનનો સારથી હતો. ભગવાને દીક્ષા લીધી ત્યારે મેં પણ સાથે દીક્ષા લીધી હતી. તે વખતે શ્રી વજ્રસેન જિનેશ્વરદેવે કહ્યું હતું કે આ વજ્રનાભ ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર થશે તે જ આ ભગવાન છે.'

શ્રેયાંસને જાતિસ્મરણ જ્ઞાન થયું તે વખતે કોઇ એક મનુષ્યે તેની પાસે આવીને શેરડીના રસના ઘડાઓનું સરસ ભેટણું કર્યું. એટલે શ્રેયાંસકુમારે ભગવાનને અરજ કરી કે, હે પ્રભુ ! આ રસની ભિક્ષા યોગ્ય છે. આપ તેને ગ્રહણ કરો. અને આ સાંભળી પ્રભુએ પોતાના બે હાથ લાંબા કર્યા અને શ્રેયાંસે ભગવાનને રસ વહોરાવ્યો. તેનું એક ટીપું પણ નીચે ન પડતાં ઉપર શીખારૂપ વધે છે. એવા લબ્ધિવાળા પ્રભુએ કરપાત્રીમાં રસ વ્હોરીને બાર-બાર મહિનાના ઉપવાસનું પારણુ કર્યુ.

ભગવાને શેરડીના રસથી વરસીતપનું (બાર મહિનાનું તપ) પારણુ કર્યું તે વખતે પંચદિવ્ય પ્રગટ્યા.



વસુધારાની વૃષ્ટિ થઇ, વસ્ત્રનો વરસાદ થયો, આકાશમાં દેવોએ દુંદુભિ વગાડી, સુગંધિ પાણી અને ફૂલોની વૃષ્ટિ થઇ. આકાશમાં ''અહોદાનં અહોદાનં'' એ પ્રકારે ઘોષણા થઇ. તાપસો અને લોકો ભેગા થઇ ગયા. શ્રેયાંસકુમારે બધાને જણાવ્યું કે સદ્‌ગતિ પામવા માટે સાધુઓને કલ્પે એવું આવું દાન આપવું જોઇએ. લોકોએ શ્રેયાંસકુમારને પૂછ્યું કે તમને કેવી રીતે ખબર પડી ? ત્યારે શ્રેયાંસકુમારે પોતાનો ભગવાન સાથેનો આઠ ભવનો સંબંધ જણાવ્યો જે નીચે મુજબ છે.

૧) ''જ્યારે ભગવાન ઇશાન દેવલોકમાં લલિતાંગ કુમાર દેવ હતા ત્યારે હું તેમની નિર્નામિકા નામની સ્વયંપ્રભા દેવી હતી.''

૨) ''પૂર્વ વિદેહમાં પુષ્પકલાવતી વિજયમાં લોહાર્ગલ નગરમાં ભગવાન વજ્રજંઘ હતા ત્યારે હું તેમની શ્રીમતી સ્ત્રી હતી.''

૩) ''ઉત્તરકુરૂમાં ભગવાન યુગલિક હતા. હું યુગલિની હતો.''

૪) ''સૌધર્મ દેવલોકમાં અમે બે મિત્ર દેવ હતા.''

૫) ''અપરવિદેહમાં ભગવાન વૈદ્યપુત્ર હતા. હું જીર્ણ શેઠનો પુત્ર કેશવ નામનો મિત્ર હતો.''

૬) ''બારમાં અચ્યુત દેવલોકમાં અમે બન્ને દેવ હતા.''

૭) ''પુંડરીકિણી નગરમાં ભગવાન શ્રી વજ્રનાભ ચક્રવર્તી હતા, હું તેમનો સારથિ હતો.''

૮) ''સર્વાર્થસિદ્ધ વિમાનમાં અમો બેઉં દેવ હતા.''

૯) આ ભવમાં ''હું ભગવાનનો પ્રપૌત્ર છું. એટલે શ્રી બાહુબલીના પુત્ર સોમપ્રભ, તેમનો હું પુત્ર છું.''.

આમ શ્રેયાંસકુમાર અને ઋષભદેવ ભગવાન વચ્ચેના આઠ ભવના સંબંધ સાંભળીને લોકોએ સ્તુતિ કરી કે, અમને શ્રી આદિનાથ ભગવાન જેવું પાત્ર, શેરડીના રસ જેવું નિર્દોષ દ્રવ્ય અને શ્રી શ્રેયાંસકુમાર જેવો ભાવ મળો.

દાનના પ્રભાવે શ્રી શ્રેયાંસકુમારનું આંગણું ધનથી ભરાઇ ગયું. સાડાબાર ક્રોડ સોનૈયાનો વરસાદ થયો હતો. જગતમાં શ્રી શ્રેયાંસકુમારનો યશ વધી ગયો અને તેઓ નિરૂપમ સુખને પામ્યા.

ભગવાને ગુજરાતી ફાગણ વદ-૮ મે દીક્ષા લીધી ત્યારથી વરસીતપની શરૂઆત થાય છે અને સમભાવે તપ કરી વૈશાખ સુદ ત્રીજના પારણુ કર્યું. આપણામાં એવી સળંગ બાર મહિના તપ કરવાની શક્તિ નથી માટે એમની યાદગીરીરૂપ એકાંતર ઉપવાસાદિથી વરસીતપ કરવાની પ્રણાલિકા ચાલુ છે. વિધિ મુજબ આરાધના કરીને અક્ષય સુખ, મોક્ષ સુખ પામવા અક્ષય તૃતીયા પર્વની આરાધના કરવી જોઇએ.

## પર્યુષણ મહાપર્વ (ક્ષમાપના પર્વ)

- પ્રાચીનકાળમાં ભા.સુ.૫, અત્યારે ભા.સુ-૪ ના ૮મો દિવસ (સંવત્સરી પર્વ) આવે તેવી રીતે કરાતી અષ્ટદિવસીય આરાધના...કષાયો, સંકલેશો, પાપો તથા દોષોના નિવારણ દ્વારા આત્મશુદ્ધિની વિશિષ્ટ સાધના.
- ઉભયટંક પ્રતિક્રમણ, પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા, કલ્પસૂત્રનું શ્રવણ, અમારિ પ્રવર્તન, સાધર્મિક ભક્તિ, અટ્ઠમ-અટ્ઠાઇનો તપ, ચૈત્યપરિપાટી, ક્ષમાપના, યથાશક્તિ સુકૃત-દાન, બ્રહ્મચર્યનું પાલન કરવું.
- શક્ય બને તો ૬૪ પ્રહરી પૌષધ તથા બારસા સૂત્રનું શ્રવણ...

## નવપદ ઓળી મહાપર્વ (શક્તિ પર્વ)

- આસો સુદ તથા ચૈત્ર સુદ ના ૯-૯ દિવસ, એમ કુલ ૪.૫ વર્ષમાં ૯ વખતના ૯ એટલે ૮૧ દિવસની આયંબિલ તપની વિશિષ્ટ આરાધના.
- આ.સુ.૭ થી આ.સુ.૧૫ તથા ચૈ.સુ.૭ થી ચૈ.સુ.૧૫ સુધી આયંબિલ દ્વારા થતી આરાધના. અતિપવિત્ર અને અતિશક્તિશાળી એવા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ-આ નવ પદની ઉપાસના માટે ક્રમશઃ ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦, ૫૦ સાથિયા, ખમાસમણા, પ્રદક્ષિણા, લોગસ્સનો કાઉસગ્ગ કરવો.
- ક્રમશઃ 'ૐ હ્રીં નમો અરિહંતાણં/સિદ્ધાણં/આયરિયાણં/ઉવજ્ઝાયાણં/લોએ સવ્વસાહૂણં/દંસણસ્સ/નાણસ્સ/ચારિત્તસ્સ/તવસ્સની ૨૦ નવકારવાળી ગણવી...

## છ ગાઉ યાત્રા પર્વ (ભક્તિ પર્વ)

### જૈનેતરોમાં 'ઢેબરિયા મેળા' તરીકે પ્રખ્યાત

- ફા.સુ.૧૩ના રોજ ૮.૫ કરોડ મુનિઓની સાથે મોક્ષે પધારેલ શાંબ-પ્રદ્યુમ્નની અનુમોદનાર્થે છગાઉ ગિરિરાજની સામુહિક યાત્રા...
- ચંદનતલાવડી પાસે સિદ્ધશિલા પર ૯-લોગસ્સનો કાઉસ્સગ્ગ.
- ભાડવાના ડુંગરની સ્પર્શના તથા આદપુર પાસે સિદ્ધવડની સ્પર્શના તથા પાલ ભક્તિ.

## પ્રભુવીર જન્મકલ્યાણક પર્વ

### (લોકમાં મહાવીરજયંતિ તરીકે પ્રખ્યાત...જૈનો માટે કલ્યાણક)

- ચૈ.સુ-૧૩ના પ્રભુવીરની ભક્તિ.
- યથાશક્તિ પૂજા, અનુકંપા, જીવદયા, રથયાત્રા દ્વારા શાસન પ્રભાવના કરવી.
- કલ્યાણકનું ધ્યાન ધરવું, ૧૨-સાથિયા, ખમાસમણા, કાઉસગ્ગ કરવો.
  ૨૦ નવકારવાળી 'શ્રી મહાવીરસ્વામિ અર્હતે નમઃ'ની ગણવી...

## શાસનસ્થાપના પર્વ

- વૈ.સુ.-૧૧ ના શાસન સ્થાપના નિમિત્તે પ્રભુવીર તથા ગુરુગૌતમ, ગુરુ સુધર્માસ્વામિજીનું સ્મરણ કરવું.
- શાસન પ્રભાવવાનું કાર્ય, શાસન વંદના "જયઉ સવ્વણ્ણુ સાસણં"નો જાપ કરવો.

## દિવાળી/બેસતું વર્ષ પર્વ

- પ્રભુવીરના નિર્વાણ કલ્યાણકની ઉજવણી નિમિત્તે આ.વ.૦)ના દિવાળી પર્વની આરાધના તથા શ્રી ગૌતમસ્વામિના કેવળજ્ઞાનની ઉજવણી નિમિત્તે કા.સુ.-૧ના બેસતા વર્ષની આરાધના.
- ૪૮ કલાકની અંતિમ દેશના નિમિત્તે ચઉવિહાર છટ્ઠની (આ.વ.-૧૪/૦))ની આરાધના)
- ઉત્તરાધ્યયન સૂત્ર તથા દિવાળીકલ્પના પ્રવચનનું શ્રવણ.
- નૂતન વર્ષે (કા.સુ.૧)ના સવારે નવસ્મરણ તથા ગૌતમસ્વામિના રાસનું શ્રવણ.
- દિવાળીની મધ્યરાત્રિએ પ્રભુવીરનું દેવવંદન તથા ગૌતમ સ્વામિજીનું દેવવંદન.
- રાત્રિના પ્રથમ બે પ્રહરમાં - શ્રી મહાવીરસ્વામિ સર્વજ્ઞાય નમઃ
- રાત્રિના તૃતીય પ્રહરમાં - શ્રી મહાવીરસ્વામિ પારંગતાય નમઃ
- રાત્રિના અંતિમ પ્રહરમાં-શ્રી ગૌતમસ્વામિ સર્વજ્ઞાય નમઃની ૨૦-૨૦-૨૦ નવકારવાળી ગણવી...

## ચોમાસી આરાધના પર્વ

- કારતક ચોમાસીની આરાધના નિમિત્તે - કા.સુ.-૧૪/૧૫ના છટ્ઠ કરવો,
- ફાગણ ચોમાસીની આરાધના નિમિત્તે -ફા.સુ.-૧૪/૧૫ના છટ્ઠ કરવો,
- અષાઢ ચોમાસીની આરાધના નિમિત્તે -અ.સુ.-૧૪/૧૫ના છટ્ઠ કરવો.
- પૌષધ, ઉભયટંક પ્રતિક્રમણ, પ્રવચન શ્રવણ વગેરે કરવા.
- ૨૪-તીર્થાધિપતિની આરાધના નિમિત્તે બપોરે દેવવંદન કરવા.

જીવનને ખુશીના
રંગથી ભરવાની સાથે કર્મની
ધૂળથી મુક્ત કરે તે પર્વ...

જીવનને પુષ્પ જેવું સુવાસયુક્ત અને
સૌંદર્યયુક્ત બનાવવાની સાથે દુર્ગુણની દુર્ગંધથી
મુક્તિ અપાવે તે પર્વ...

આ ભવને પ્રેમ અને પ્રસન્નતાથી ભરવાની સાથે
પરભવને પુણ્ય અને પરિણતિથી ભરે તે પર્વ...

બસ આવા અનેક આનંદદાયક, શાતાદાયક,
શાંતિદાયક પર્વોને કથાના માધ્યમે માણવા વાચવું
રહ્યું પુસ્તક

**પર્વે-પર્વે કથા...**